RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 185 Dt. 29-01-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



**પુણેના બારામતી વિસ્તારમાં લેન્ડીંગ સમયે વિમાન અગનગોળામાં ફેરવાયું !**

# વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના Dy.CM અજિત પવાર સહિત પાંચના મોત

## મૃતકોમાં અજિત પવાર,૧ પીએસઓ અને ૧ એટેન્ડન્ટ, અને ૨ ક્રૂ મેમ્બરનો સમાવેશ : રાષ્ટ્રપતિ, વડાપ્રધાને અજિત પવારના નિધન પર વ્યક્ત કર્યો શોક



મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર(ઉ.૬૬) અને અન્ય ચાર વ્યક્તિઓને લઈ જતું વિમાન બુધવારે પુણે જિલ્લામાં ક્રેશ થતાં વિમાનમાં સવાર અજીત પવાર અને અન્ય ચાર મળીને પાંચેયના દુઃખદ મૃત્યુ થયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે એનસીપી નેતા પવાર અને અન્ય લોકોને લઈ જતું વિમાન પુણેના બારામતી વિસ્તારમાં લેન્ડીંગ થઇ રહ્યું હતું.

તે સમયેજ વિમાન અગનગોળો બની ક્રેશ થઇ જતા વિમાનનો કાટમાળ આગમાં લપેટાયેલો લપેટાઈ ગયો હતો. અને વિમાનમાં સવાર તમામ ભડથું થઇ ગયા હતા. સ્થળ પર લોકો શક્ય મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ક્રેશ-લેન્ડ થયું તે જોઈને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘટનાસ્થળે બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવાઈ હતી. સ્થાનિક લોકો ઘાયલોને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં તેમજ પોલીસ અને રાહત અધિકારીઓને પણ મદદ કરી હતી.

ઓક્ટોબર ૨૦૨૪માં, તેમના પક્ષના સાથીદાર સુનીલ તટકરેને લેવા જતું હેલિકોપ્ટર પુણેમાં ક્રેશ થયું હતું, અને ખરાબ હવામાનને કારણે આ પ્રદેશમાં ઈમરજન્સી લેન્ડિંગના અગાઉ પણ કિસ્સાઓ બન્યા હોવાનું કહેવાય છે.સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે સવારે પુણે જિલ્લામાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં પવાર અને અન્ય ચાર લોકોના મૃત્યુ થયા હતા. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ જણાવ્યું હતું કે, મુંબઈથી બારામતી જતું ચાર્ટર પ્લેનમાં પાંચ લોકો સવાર હતા. દુર્ભાગ્યપૂર્ણ ચાર્ટર પ્લેનમાં પાંચ લોકોમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, વિદીપ જાધવ, પિંકી માલી, સુમિત કપૂર અને સંભવી પાઠક હતા. અને કોઈ પણ બચી શક્યું નથી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં નિધન થતાં શોક વ્યક્ત કરીને કહ્યું હતું કે તેઓનું અકાળ મૃત્યુ એક દેશને અપૂર્ણ નુકસાન છે. અજિત પવારને મહારાષ્ટ્રના વિકાસમાં, ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં તેમના વિશેષ યોગદાન માટે હંમેશા યાદ રાખવામાં આવશે. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનએ તેમના પરિવાર, સમર્થકો અને પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા લખ્યું કે, ભગવાન આ અકસ્માતમાં જીવ ગુમાવનારા અન્ય તમામ લોકોના પરિવારોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

પવાર જિલ્લા પરિષદની ચૂંટણી માટે પ્રચાર રેલીમાં હાજરી આપવા માટે મુંબઈથી બારામતી જઈ રહ્યા હતા. આ ઘટના સવારે લગભગ ૮-૪૫ વાગ્યે બની જ્યારે પવાર અને અન્ય લોકોને લઈ જતું મુંબઈ-બારામતી ચાર્ટર પ્લેન બારામતી એરપોર્ટ પર રનવે થ્રેશોલ્ડ પાસે ક્રેશ લેન્ડિંગ થયું હતું. સ્થળ પરથી વિઝ્યુઅલ્સ ઓનલાઈન સામે આવ્યા છે, જેમાં ઘટનાસ્થળે વિમાનનો કાટમાળ દેખાય છે. ઘટના પછી તરત જ પોલીસ અધિકારીઓ અને કટોકટી ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ગઈક-જીઈના વડા અને અજિત પવારના કાકા શરદ પવાર બારામતીની પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર સરકારી મેડિકલ કોલેજ પહોંચ્યા હતા. , જ્યાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સહિત પાંચેય મૃતકોના પાર્થિવ શરીર રાખવામાં આવ્યા હતા.

### દુર્ઘટનાની તપાસ કરો : મમતા બેનર્જી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બારામતીમાં અજિત પવારના વિમાન દુર્ઘટનામાં સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસની માંગ કરી છે. તેણીએ કહ્યું કે, આ દેશમાં રાજકીય નેતાઓ પણ સુરક્ષિત નથી, સામાન્ય લોકો તો દૂરની વાત છે. બે દિવસ પહેલા, મને ખબર પડી કે બીજા પક્ષના કોઈએ નિવેદન આપ્યું હતું કે પવાર ભાજપ છોડવા તૈયાર છે, અને હવે આજે આ બન્યું છે. અમને ફક્ત સુપ્રીમ કોર્ટ પર વિશ્વાસ છે. અન્ય બધી એજન્સીઓ સંપૂર્ણપણે અયોગ્ય થઈ ગઈ છે.

### દુર્ઘટના સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ શરુ

મહારાષ્ટ્ર પોલીસે બુધવારે જણાવ્યું હતું કે બારામતી વિમાન દુર્ઘટના, જેમાં નાયબ મુખ્યમંત્રી અજિતપવારે પોતાનો જીવ ગુમાવ્યો હતો, તેની અકસ્માતનું કારણ નક્કી કરવા માટે કાળજીપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ‘‘વિમાનની ગતિ અને ક્રેશ સ્થળ પર કાટમાળનું સ્થાન અને સ્થિતિની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને ફોટોગ્રાફ લેવામાં આવશે.‘‘ઉડાન દરમિયાન વિમાનની ટેકનિકલ સ્થિતિ અને તે ઉડાન યોગ્ય હતું કે નહીં તે નક્કી કરવા માટે બ્લેક બોક્સની તપાસ કરવામાં આવશે. કોકપીટ વોઈસ રેકોર્ડિંગ અંતિમ ક્ષણોમાં પાઈલટ્સની વાતચીત અને નિર્ણયો વિશે માહિતી પ્રદાન કરશે. વિમાનમાં કરવામાં આવતી જાળવણી સંબંધિત તમામ રેકોર્ડની પણ સમીક્ષા કરવામાં આવશે. અકસ્માતનું કારણ નક્કી કરવા માટે પાઈલટના એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સાથેના સંદેશાવ્યવહાર રેકોર્ડની સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, હવામાન, રનવેની સ્થિતિ અને પવનની દિશા જેવા બાહ્ય પરિબળોને પણ તપાસમાં સામેલ કરવામાં આવશે.

# રાજકોટ જિલ્લા ભાજપનું સંગઠન માળખું જાહેર

## જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અલ્પેશભાઈ ઢોલરીયા યથાવત

## ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૮ મંત્રી, કોષાધ્યક્ષ સહિતની નિમણુંકોનો સમાવેશ

રાજકોટ, તા.૨૮

ભાજપને મજબૂત બનાવવા માટે સૌરાષ્ટ્ર ગુજરાતમાં જિલ્લા વાઈઝ સંગઠન માળખાની જાહેરાત કરવામાં આવી રહી છે. તે મુજબ આજે રાજકોટ જિલ્લાનું સંગઠન માળખું ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ પ્રદેશના મોવડી મંડળ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૮ મંત્રી, કોષાધ્યક્ષ સહિતની નિમણુંકોનો સમાવેશ થાય છે.



જેમાં રાજકોટ જિલ્લામાં ૮ ઉપપ્રમુખ જાહેર કરવામાં આવ્યા છે. તેમાં લોધિકાના કાજલબેન સુધીરભાઈ ગોંડલીયા, ગોંડલના રીનાબેન ભોજાણી, ધોરાજીના રેખાબેન ડાભી, ગોંડલના પ્રફુલભાઈ ટોળીયા, જામકંડોરણાના સુરેન્દ્રસિંહ ભરતસિંહ વાળા, ઉપલેટાના જયેશભાઈ ત્રિવેદી,લોધીકાના મનોજભાઈ રાઠોડ તેમજ ધોરાજીના રાજુભાઈ બાલધાની નિમણૂક કરવામાં આવી છે. ત્રણ નીમાયેલા મહામંત્રીઓમાં રાજકોટ તાલુકામાં નરેન્દ્રસિંહ જાડેજા, જસદણ તાલુકામાં હરેશભાઈ હેરભા તેમજ ઉપલેટા શહેર માટે રવિભાઈ માકડીયાની નિમણૂક કરવામાં આવી છે.

જ્યારે મંત્રી તરીકે આઠ હોદ્દેદારોની કરાયેલી નિમણૂકોમાં ભારતીબેન વિનુભાઈ સાકરીયા(વિછીયા), સતિષભાઈ ભીમજીયાણી(જેતપુર), મુકેશભાઈ મેર(જસદણ), પ્રવીણભાઈ હેરમાં(પડધરી), સુધાબેન બાબુલાલ ગોહેલ(જેતપુર), મનીષાબેન ચંદુભાઈ સંચાણિયા(કોટડા સાંગાણી), અનિતાબેન ચૌહાણ(ઉપલેટા) તેમજ શૈલેષભાઈ અજાણી(રાજકોટ)ની નિમણૂક કરવામાં આવી છે.



ધવલભાઈ દવે – પ્રભારી, રાજકોટ જિલ્લા ભાજપ
નરેન્દ્રસિંહ જાડેજા – મહામંત્રી, રાજકોટ જિલ્લા ભાજપ
હરેશભાઈ હેરભા – મહામંત્રી, રાજકોટ જિલ્લા ભાજપ
રવિભાઈ માકડીયા – મહામંત્રી, રાજકોટ જિલ્લા ભાજપ

કોષાધ્યક્ષ તરીકે જસદણ તાલુકામાં મહેશભાઈ વાણીયા તેમજ જસદણ શહેરમાં કાર્યાલય મંત્રી તરીકે રાજેન્દ્રભાઈ ધારૈયાની નિમણૂક કરવામાં આવી છે. આ સિવાય અન્ય વિભાગોમાં કરાયેલી નિમણૂકોમાં પડધરી તાલુકામાં નિખિલભાઇ વડગામાની સોશિયલ મીડિયા વિભાગમાં, રાજકોટ તાલુકામાં વિનોદભાઈ દક્ષિણીની આઈટી વિભાગમાં તેમજ રાજકોટ તાલુકામાં રાજુભાઈ ગોંડલીયાની મીડિયા વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.યુવા મોરચોમાં પ્રમુખ તરીકે રાજકોટ તાલુકા માટે દેવભાઈ કોરડીયા તેમજ મહામંત્રી તરીકે ગોંડલ તાલુકામાં કિશનભાઇ ઠુંમર અને ઉપલેટા શહેરમાં સુરજભાઈ ડેરની નિમણૂક કરવામાં આવી છે.

મહિલા મોરચોના પ્રમુખ તરીકે જસદણ શહેરના અનિતાબેન રૂપારેલીયા તેમજ મહામંત્રી તરીકે ગોંડલ શહેરમાં મોનાબા દિલીપસિંહ પરમાર તેમજ રાજકોટ તાલુકા માટે પ્રવિણાબેન ચેતનભાઈ રાઠોડની વરણી કરવામાં આવી છેકિસાન મોરચોના પ્રમુખ તરીકે ધોરાજી તાલુકાના મયુરભાઈ શિંગાળા તેમજ મહામંત્રી તરીકે લોધિકા તાલુકામાં ડેનીશભાઈ હદવાણી અને જસદણ શહેરમાં અનિલભાઈ મકાણીને જવાબદારી સોંપવામાં આવી છે.બક્ષીપંચ ઓબીસી મોરચોના પ્રમુખ તરીકે વિછીયા તાલુકાના દેવરાજભાઈ સરવૈયા તેમજ મહામંત્રી તરીકે ઉપલેટા તાલુકામાં રમેશભાઈ ગર અને રાજકોટ તાલુકામાં ગોવિંદભાઈ કિહલાની નિમણૂક કરવામાં આવી છે.અનુસૂચિત જાતિ મોરચોના પ્રમુખ તરીકે રાજકોટ તાલુકામાં નરોતમભાઈ પરમાર તેમજ મહામંત્રી તરીકે તો ધોરાજી શહેરમાં બાબુભાઈ વિંઝુડા અને લોધિકા તાલુકામાં જઈ ભાઈ સાગઠીયાની નિમણૂક કરાય છે

લઘુમતી મોરચોમાં પ્રમુખ તરીકે રાજકોટ તાલુકામાં અસલમભાઈ મલેક મહામંત્રી તરીકે ધોરાજી શહેરમાં સબીરભાઈ ગરાણા અને ગોંડલ શહેરમાં આબેદિનભાઈ હિરાણીની નિમણૂક કરવામાં આવી છે.

### લાલચ બુરી બલા-આ વાત જાણતા હોવા છતાં લોકો લલચાય છે, ફસાય છે

# સસ્તુ સોનુ લેવાની લ્હાય વેપારીને ૨૯ લાખમાં પડી

## કોલેજ સમયના મિત્રએ જ બજાર ભાવથી દસથી વીસ ટકા સસ્તુ સોનુ અપાવવાનું કહી લેભાગુ ટોળકી સાથે મળી ફ્રોડ આચરી લીધું

રાજકોટઃ હાલના સમયમાં ટુંકા રસ્તે માલદાર થવા માટે અનેક લોકો ખોટા રસ્તે ચડી જઇ ગુનાખોરી આચરી લેતાં હોય છે. દરમિયાન સસ્તા સોનાના નામે વધુ એક વખત લાખોની ઠગાઇ થઇ છે. ભુજ કચ્છ પંથકમાં આ રીતે સસ્તા સોનાની લાલચ આપી લોકોને છેતરતી અનેક ટોળકીઓ સક્રિય છે. આવી ટોળકીઓનો પોલીસે વારંવાર પર્દાફાશ કર્યો છે. પરંતુ ફરીથી આવા ગુના આચરી ટોળકીના સાગ્રીતો લોકોને લાલચ દઇ છેતરી લેતાં હોય છે. રાજસ્થાનના યુવાનને ભુજના ચીટરોએ સસ્તામાં સોનુ આપવાના નામે ઓગણત્રીસ લાખનો ચૂનો લગાવી દીધો છે.

વિગતો પર નજર કરીએ તો ભુજ શહેરના ચીટરોએ અનેક લોકોને સસ્તા સોનાની લાલચે લોકો પાસેથી રૂપિયા પડાવ્યા છે તેવાવમાં હવે રાજસ્થાનના યુવકને ભુજ બોલાવી સસ્તા ભાવે સોનું આપવાની વાત કર્યા બાદ રૂપિયા ત્રીસ લાખ લઇ લીધા હતા અને ત્યારબાદ સમાધાન કરવાનું કહી ૧ લાખ પરત આપી રૂપિયા ૨૯ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઇ છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રાજસ્થાનના સીકર જિલ્લામાં રહેતા ફરિયાદી શાબાઝ ગુલામ મુર્તઝા ચૌહાણે ભુજ શહેર એ ડીવીઝન પોલીસ માથકે આરોપી યોગેશ જેનું સાચું નામ રમજુ કાશમશા શેખ, હાજી સાહેબ-અનવરખાન આમદખાન પઠાણ અને અહેમદ-આમદશા જુસબશા શેખ વિરુદ્ધ ગુનો નોધાવ્યો છે.

આ કિસ્સામાં ભોગ બનેલા ફરિયાદીના જણાવ્યા મુજબ રૂપિયા ત્રીસ લાખ લઈને સસ્તા ભાવે સોનુ લેવા ભુજ આવ્યો હતો. જે બાદ આરોપીઓએ એક ઓફીસમાં મીટીંગ કરી હતી અને રૂપિયા ત્રીસ લાખને બદલે સો ગ્રામના ત્રણ બિસ્કીટ આપવાનું નક્કી કર્યું હતું. ફરિયાદી પાસે રહેલા રૂપિયા આરોપીઓએ લઇ લીધા બાદ ચેકિંગ હોવાનું કહી સોનુ બાડમેર



આપવામાં આવશે તેવું કહી હતું. વિશ્વાસમાં આવેલા ફરિયાદી બાડમેર પહોચી ગયા પણ કોઈ સોનુ આપવા માટે આવ્યો ન હતો. જેથી પરત ભુજ આવવા રવાના થયા હતા. ત્યારે આરોપીએ ફોન કરી આ મામલે સમાધાન કરવા કહ્યું હતું અને અંજાર બોલાવી સમાધાનના નામે રૂપિયા એક લાખ આપી ઓગણત્રીસ લાખની ઠગાઈ આચરી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ પછી ફરિયાદી બાડમેર પહોચ્યો ત્યારે રૂપિયા કે સોનુ મળ્યું ન હતું. જેથી પરત ભુજ આવવા નીકળ્યો ત્યારે આરોપીએ ફોન કરી ઘરમાં રેઇડ થઇ હોવાનું કહી આ મામલે સમાધાન કરવા ભચાઉ બોલાવ્યો હતો. જે બાદ અંજારમાં વકીલની ઓફીસમાં બોલાવી સમાધાનનું લખાણ કરાવ્યું હતું. જેમાં રૂપિયા ત્રીસ લાખને બદલે રૂપિયા પચ્ચીસ લાખનું લખાણ કરાવી ફરિયાદી સાથે ધાકધમકી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો અને મારી નાખવાની ધમકી આપી સમાધાનના લખાણ પર સહી કરાવી લીધી હતી. દરમિયાન સમાધાન પેપર પર જોતા આરોપીઓએ પોતાનું ખોટું નામ ધારણ કરેલું હોવાનું સામે આવ્યું હતું. તેમજ ત્રણેય આરોપીની એલસીબીના ચોપડે પણ ઓળખ થઇ હતી. ડીગ્રીનો અભ્યાસ કરેલા ફરિયાદીને તેના કોલેજ સમયના મિત્ર ભાકીર નાસીર અહેમદે ભુજના પોતાના ઓળખીતા પાસેથી પંદરથી વીસ ટકા ઓછા ભાવે સોનું લેવાની વાત કરી હતી અને ફરિયાદીને ભુજ લઇ આવ્યો હતો.

આરોપીઓ પાસેથી ફરિયાદીના મિત્રએ સોનાના બિસ્કીટ ખરીદી નીકળી ગયા હતા અને ત્યાર બાદ કોલેજ સમયના મિત્રએ ફરિયાદીને સોનુ ખરીદવાનું કહી આરોપીના નંબર આપતા ચીટરોની જાળમાં ફસાયો હતો. અગાઉ પણ આ પંથકમાં આ રીતે સસ્તા સોનાની લાલચ આપી ઠગાઇ થઇ ચુકી છે. સોચિશલ મિડીયા પર સસ્તા સોનાની જાહેરાત મુકી ટોળકી લોકોને છેતરતી હતી. હવે વધુ એક આવો ગુનો સામે આવ્યો છે.

### તું અમારી બહેન સામે કેમ જોવે છે? તેવું આળ મૂકી પ્રૌઢને લમધારીને પોલીસ સ્ટેશનની બીક બતાવી હતી

# બાઈક-મોબાઈલની લૂંટ કરનાર ત્રિપુટી ઝડપાઇ

## એ-ડિવિઝન પોલીસે ફિલ્મી ઢબે લૂંટ ચલાવતા ૩ રીઢા તત્વોને દબોચ્યા; એક આરોપીની અગાઉ ૧૦ ગુનામાં સંડોવણી

રાજકોટઃ શહેરના લાખાજીરાજ રોડ પર રેકડીએ ઉભા રહીને રાજસ્થાનો બરીવાળાની લારીએ બરી ખાવા ઉભેલા એક પ્રૌઢને નિશાન બનાવી, '' અમારી બહેન સામે કેમ જોવે છે?'' તેમ કહી ખોટા આક્ષેપો કરી લૂંટ ચલાવનાર ત્રણ શખ્સોને રાજકોટ શહેર એ-ડિવિઝન પોલીસે સીસીટીવી અને હ્યુમન સોર્સની મદદથી ઝડપી પાડ્યા છે.



પોલીસની તપાસમાં આ ટોળકીએ અગાઉ પણ અનેક ગુના આચર્યા હોવાનું સામે આવ્યું છે.

બનાવની વિગત મુજબ, ફરિયાદી પ્રૌઢ લાખાજીરાજ રોડ પર એક રેકડીએ 'બરી' ખાઈ રહ્યા હતા. આ સમયે નજીકમાં ત્રણ મહિલાઓ પણ ઉભી હતી. આ તકનો લાભ લઈ ત્રણેય આરોપીઓ ત્યાં ધસી આવ્યા હતા અને પ્રૌઢને જોરદાર લાફા ઝીંકી દીધા હતા. આરોપીઓએ ધાકધમકી આપતા કહ્યું કે, ''તું અહીં ઉભેલી અમારી બહેન સામે કેમ જોવે છે?

ચાલ તને પોલીસ સ્ટેશને લઈ જવો પડશે.'' પોલીસના નામે ડરાવી આરોપીઓ પ્રૌઢને પરાણે પોતાના બાઈકમાં બેસાડી આગળ લઈ ગયા હતા. જ્યાં ઉભા રહી પ્રૌઢ સાથે મારકૂટ કરી, ધમકાવી તેમની પાસેથી રોકડ રકમની માંગણી કરી હતી. અંતે આરોપીઓ પ્રૌઢનું સ્પ્લેન્ડર પ્લસ બાઈકઅને મોબાઈલ ફોન લૂંટીને ફરાર થઈ ગયા હતા.

આ ગંભીર ગુનાની તપાસમાં એ-ડિવિઝન પી.આઈ. બી.વી. બોરીસાગરની સૂચનાથી સર્વેલન્સ સ્ક્વોડ મેદાને પડી હતી. સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી પોલીસે રામનાથપરા જૂની જેલ પાસેથી ત્રણેય આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

જેમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ માવદીયા, કનુભાઈ બસીયા, મહેશભાઈ ચાવડા અને ધર્મેશભાઈ ખડેખાને મળેલી સંયુક્ત હકીકતને આધારે રામનાથપરા જૂની જેલ પાસેથી શંકાસ્પદ હાલતમાં પસાર થતા આરોપીઓને અટકાવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ લાખાજીરાજ રોડ પર લૂંટ કરી હોવાની કબૂલાત આપી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં સમીર ઈસ્માઈલભાઇ ચાનીયા (ઉ.વ. ૨૪, રહે. દૂધ સાગર રોડ, રાજકોટ), સલીમ ગફારભાઇ ઠેબા (ઉ.વ. ૨૪, રહે. કુવાડવા રોડ, ડી-માર્ટ પાછળ, રાજકોટ) અને અઝરૂદીન હુસેનભાઇ સફીયા (ઉ.વ. ૨૩, રહે. શંકર ટેકરી, જામનગર) સામેલ છે.

આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ જોઈએ તો આરોપીઓ રીઢા ગુનેગાર છે, જેમાં ખાસ કરીને સલીમ ગફારભાઇ ઠેબા સામે જામનગર અને રાજકોટમાં ચોરી, લૂંટ અને મારપીટ જેવા કુલ ૧૦ ગુનાઓ નોંધાયેલા છે, જેમાં તેની સામે બે વખત ઙઅજઅ હેઠળ પણ કાર્યવાહી થઈ ચુકી છે.

જ્યારે સમીર ચાનીયા સામે પણ અગાઉ આજીડેમ અને બી-ડિવિઝનમાં ગુનાઓ નોંધાયેલા છે.

પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૧,૦૫,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે. જેમાં સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ GJ-03-PE-4289 કિંમત ૫૦,૦૦૦, બીજું સ્પ્લેન્ડર મોટરસાયકલ કિંમત ૫૦,૦૦૦, MI કંપનીનો નોટ ૧૪ સ્માર્ટફોન કિંમત ૫,૦૦૦નો કબ્જે થયો છે.આ કામગીરીમાં એ-ડિવિઝન પી.આઈ. બી.વી. બોરીસાગર સાથે પી.એસ.આઈ. જી.એન. વાઘેલા, એ.એસ.આઈ. બી.ડી. ઝાલા, એમ.એમ. મકવાણા તથા સર્વેલન્સ સ્ક્વોડના હેડ.કોન્સ. મહેશભાઇ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા, કનુભાઇ બસીયા, સાગરભાઈ માવદીયા, ધારાભાઇ ગઢવી, કરણભાઇ વીરસોડીયા તથા પો. કોન્સ ધર્મેશભાઇ ખાંડેખા તથા તેજસભાઇ ડેર સહિતના જોડાયા હતાં.

# જંગલેશ્વરના દબાણકર્તાઓમાં ફફડાટ

## રહીશોની મામલતદારને રજૂઆતઃ સ્વૈચ્છીક રીતે દબાણ હટાવવાની સાત દિવસની મુદત



રાજકોટ, તા. ૨૮

રાજકોટમાં હાલ જંગલેશ્વર વિસ્તારના ડિમોલિશનનો મુદ્દો ગાજી રહ્યો છે કારણ કે આજી રિવરફ્રન્ટ બનાવવા મામલે હાલ આ વિસ્તારને ચોખ્ખો કરવો ખૂબ જરૂરી છે એટલું જ નહીં જંગલેશ્વરમાં કલેક્ટર તથા મહાનગરપાલિકા હસ્તકની અનેકવિધ જગ્યાઓ પર હાલ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને એ તમામ જે દબાણ છે તેને દૂર કરવા માટે હાલ અનેક પ્રયત્નો તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા જેમાં અંતે મામલતદાર દ્વારા ૨૦૨ મુજબની નોટિસ પણ ફટકારવામાં આવી છે ને સાત દિવસમાં જગ્યા ખાલી કરવા માટે પણ કહેવામાં આવ્યું છે પરંતુ આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે જંગલેશ્વર વિસ્તારના રહેવાસીઓ મામલતદાર કચેરી આવી પહોંચ્યા હતા અને તેઓને વૈકલ્પિક જગ્યા આપવા અને થોડો વધુ સમય આપવાની માંગ પણ કરવામાં આવી હતી પરંતુ આ બાબતે તંત્ર શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું. એટલું જ નહીં આ વિસ્તારના દબાણકરતાઓમાં હાલ ફફડાટ પણ વ્યાપી ઉઠ્યો છે.

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગાજી રહેલા જંગલેશ્વરના દબાણ પ્રકરણમાં ગઇકાલે જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રાજકોટ શહેર પૂર્વ મામલતદાર એન.પી. અજમેરા અને તેની ટીમો દ્વારા ૧૩૫૮ જેટલા દબાણકર્તાઓને દબાણ હટાવવા માટેની કલમ ૨૦૨ હેઠળની આખરી નોટીસ ફટકારી હતી અને દબાણકર્તાઓને સ્વૈચ્છીક રીતે દબાણ હટાવવાની સાત દિવસની મુદત અપાઇ છે અને હવે ગમે ત્યારે ડિમોલીશન તોળાઇ રહ્યું છે.

ત્યારે જંગલેશ્વર વિસ્તારના દબાણકર્તાઓમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ છે. દરમ્યાન આજરોજ જંગલેશ્વર વિસ્તારના અનેક દબાણકર્તાઓ ફરી એકવાર પૂર્વ મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને મામલતદાર સમક્ષ વિકલ્પ રૂપે સરકારી આવાસ ફાળવવા તેમજ દબાણો ખાલી કરવા માટે થોડો સમય આપવા રજુઆત કરી હતી. પરંતુ હાલ તંત્ર આ બાબતે શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું. કલેકટર હસ્તકની સરકારી જમીનમાં ઉભેલા જંગલેશ્વર, હરીજનવાસ, રાધાકૃષ્ણ નગર, બુધ્ધનગર, આહીરવાસ, નાડોદાવાસ સહિતના વિસ્તારોમાં વસતા ૧૩૫૮ દબાણકારોને અગાઉ નોટિસો આપી જમીનના આધાર પુરાવાની ચકાસણઈ કરવામાં આવી હતી અને તમામ દબાણકારે વેરાબિલ તથા લાઈટ બિલ સિવાયના જમીનના આધારો રજુ નહીં કરી શકતા કલેકટર તંત્ર દ્વારા હવે કલમ ૨૦૨ મુજબ સરકારી જમીનોમાંથી દબાણો હટાવી લેવા નોટિસો આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

આ માટે આજે સવારથી પોલીસ બંદોબસ્ત હેઠળ ટીમો ઉતારવામાં આવી છે અને દબાણકારોને હાથોહાથ કલમ ૨૦૨ની નોટિસો આપવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ અહીં વસવાટ કરતા લોકોએ આ મામલે હાઈકોર્ટમાં પણ પહોંચ્યા છે એને ખાસ અદાલતને વિનંતી કરી છે કે તંત્ર દ્વારા પહેલા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે ત્યારબાદ જ જે ડિમોલિશનની કામગીરી છે તે હાથ ધરાય પરંતુ આ અંગે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ મગનું નામ મરી પાડવામાં આવ્યું નથી.

### અઢી અક્ષરના પ્રેમ પાછળ કંઇક ફના થઇ ગયા, કંઇક બરબાદ થયા

# પ્રેમિકાને રાજી કરવા પ્રેમીએ ચોર્યા બહેનના દાગીના!

## લાખોના સોના-ચાંદીના દાગીના સાથે પોલીસે દબોચી લીધોઃ હવે પ્રેમીની સાથે ગુનેગારનું પણ લાગી ગયું લેબલઃ બીજી ઘટનામાં બંધ મકાનમાંથી થઇ પોણા છ લાખની ચોરી

રાજકોટઃ અઢી અક્ષરના પ્રેમ પાછળ કંઇ કેટલાય ફના થઇ જતાં હોય છે. પ્રેમમાં પાગલ થઇ જનારા અને પછી ક્યારેક પ્રેમમાં અંધ થઇ જનારા ઘણીવાર ગુનાખોરીના રસ્તે પણ ચડી જતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક પ્રેમીએ પોતાની પ્રેમિકાના દાગીના છોડાવવા માટે પોતાની જ સગી બહેનના ઘરમાંથી ચોરી કરી લીધી હતી. જો કે તેની આ કરતૂતનો ભાંડો ફુટી જતાં પ્રેમી મટીને ગુનેગાર બનવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ભાઈ-બહેનનો સંબંધ અતૂટ હોય છે, પરંતુ મહીસાગર જિલ્લામાંથી એક એવી ઘટના સામે આવી છે જેણે લોહીના સંબંધોને લજવ્યા છે. પોતાની પ્રેમિકાના ગીરે મૂકેલા દાગીના છોડાવવા માટે એક ભાઈએ પોતાની જ સગી બહેનના ઘરે હાથ સાફ કર્યો હતો. પોલીસે આ મામલે આરોપીની ધરપકડ કરી લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપી સુરપાલ ખાંટ વ્યવસાયે લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતો હતો. ધંધામાં આર્થિક સંકડામણ આવતા અને ઓફિસ કે ઘરનું ભાડું ચડી જતાં તેણે નાણાંની વ્યવસ્થા કરવા માટે પોતાની પ્રેમિકાના સોના-ચાંદીના દાગીના ગીરે મૂક્યા હતા.

સમય જતાં પ્રેમિકાના દાગીના છોડાવવાનું દબાણ વધ્યું, પરંતુ હાથમાં રૂપિયા ન હોવાથી તેણે ચોરીનો રસ્તો અપનાવ્યો હતો. આરોપી સુરપાલ તેની બહેનના ઘરે જ રહેતો હતો. બહેનને



કલ્પના પણ નહોતી કે તેનો ભાઈ જ ઘરનો દુશ્મન બનશે. પ્રેમિકા પ્રત્યેનો આંધળો પ્રેમ એટલી હદે વધી ગયો કે સુરપાલે પોતાની બહેનના જ ઘરમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. બહેનના ઘરે ચોરી થતાં પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો, પરંતુ જ્યારે તપાસમાં ભાઈનું નામ ખુલ્યું ત્યારે સૌના હોશ ઉડી ગયા હતા. ચોરીની ફરિયાદ બાદ મહીસાગર પોલીસ એક્શનમાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને પૂછપરછના અંતે આરોપી સુરપાલ ખાંટની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. ૩,૩૯,૧૦૦ની કિંમતના દાગીના કબ્જે કર્યા હતાં. આમ પ્રેમાંધ બનેલા શખ્સે પ્રેમિકાને રાજી કરવા જતાં પોતાની જ બહેનનો રોષ વ્હોરી લીધો હતો અને સાથે સાથે ગુનેગારનું લેબલ પણ પોલીસ એફઆઇઆરને કારણે લાગી ગયું હતું. આ કિસ્સા પરથી એવુ કહેવાય છે કે અહિ પ્રેમ નહિ પણ પ્રેમી જ અંધ થઇ ગયો હતો અને ગુનો આચરી બેઠો હતો.

ચોરીના અન્ય એક બનાવમાં ખેડાના બાલાસિનોરના હુસેની ચોકમાં રહેતા વેપારીના બંધ મકાનનો નકૂચો તોડીને તસ્કરો તિજોરીમાં રાખેલા રૂ.૫.૮૬ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી ફરાર થયા હતા. વેપારી ઘરને તાળાં મારીને પોતાના ભાઇને તેડવા માટે અમદાવાદ એરપોર્ટ આવ્યા હતા, આ સમયે તસ્કરોએ ઘટનાને અંજામ આપ્યો હતો. બનાવની જાણ થતા પોલીસ કાફલાએ દોડી જઇને આગળની તપાસ હાથ ધરી હતી. બાલાસિનોર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વેપારી અલ્તાફબેગ હુસેનબેગ મિરઝાએ જણાવ્યું છે કે તેમના અબુધાબી ખાતે રહેતા ભાઇ ઇરફાનબેગ ઘરે આવી રહ્યા હોવાથી રાત્રિના સમયે ઘરને તાળાં મારીને તેના ભાઇને લેવા માટે અમદાવાદ એરપોર્ટ ખાતે આવ્યા હતા.

એ પછી સવારે સાડા પાંચ વાગ્યે ભાઇને લઇને અમદાવાદથી પરત બાલાસિનોર જવા નિકળ્યા હતા. સવારે સાતેક વાગ્યે તેમના સાળાએ ઘરમાં ચોરી થઇ હોવાની જાણ કરી હતી. ત્યાર બાદ ઘરે આવીને તપાસ કરતા લોખંડની જાળીના નકૂચાને મારેલ તાળું તોડી નાખેલી હાલતમાં હતું. ત્યાર બાદ ઘરમાં જઇને તપાસ કરતા તિજોરીમાંથી સોના-ચાંદીના રૂ.૫.૮૬ લાખની કિંમતના ઘરેણાં ગાયબ હતા તથા કપડાં સહિતની વસ્તુ વેરણ-છેરણ પડી હતી. ઘટના અંગે જાણ થતા બાલાસિનોર પોલીસે ડોગ સ્ક્વોડ, એફએસએલના કાફલા સાથે ધસી જઇને આગળની તપાસ હાથ ધરી હતી. આમ અહિ અજાણ્યો ચોર ઘા કરી ગયો હતો.

# મનપા ફુલોની સજાવટ પાછળ રૂ.૯૫ લાખનો કરશે ખર્ચ

## અવારનવાર યોજાતા સરકારી અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ફુલોની સજાવટ કરવા માટે એક સાથે ત્રણેય ઝોનમાં ટેન્ડર પ્રસિધ્ધ કરાયા

રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અવાર નવાર યોજાતા સરકારી અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ફ્લોની સજાવટ કરવા માટે એક સાથે ત્રણેય ઝોનમાં ટેન્ડર પ્રસિધ્ધ કરાયા છે. બે વર્ષના કોન્ટ્રાક્ટ સાથેના આ ટેન્ડરમાં સેન્ટ્રલઝોનમાં સૌથી વધુ ૬૨.૫૦ લાખ, ઈસ્ટઝોનમાં રૂ.૨૦ લાખ અને વેસ્ટઝોનમાં રૂ.૧૨ લાખના અંદાજ મુકવામાં આવ્યો છે. બે વર્ષ અગાઉ ૧૪ ટકા ઓન સાથે આ કોન્ટ્રાક્ટ અપ મર્યાદા પુરી થતા મહાનગરપાલિકાએ ૧૪ ટકા ઓન સહિતનું એસ્ટિમેન્ટ કરીને આ ટેન્ડર બહાર પાડ્યું છે. આ ટેન્ડર માં ખાદીના રૂમાલ અને રિબિન ડેકોરેશનથી માંડીને આસોપાલવના તોરણ સુધીના અલગ અલગ ભાવ આપવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અવાર નવાર સરકારી કાર્યક્રમો સાથોસાથ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનમાં વિવિધ કાર્યક્રમો માટે ફ્લોનો શણગાર, મંચ સજાવટ, તોરણો મહેમાનોના સ્વાગત માટે ખાદીનો રૂમાલ, સુતરની આંટી, બુકે વગેરે માટે એજન્સીઓ સાથે અવારનવાર કોન્ટ્રાક્ટ કરવામાં આવે છે. હાલની એજન્સીઓની મુદત પુરી થતાં મહાનગરપાલિકા દ્વારા ફરીથી નવી એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનના કાર્યક્રમો માટે ફૂલ સજાવટના અલગ અલગ ભાવ રાખવામાં આવ્યા છે. આમાં સૌથી વધુ કાર્યક્રમો સેન્ટ્રલ ઝોન રેસકોર્સમાં થતા હોય સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ રૂ.૬૨.૫૦ લાખનું એસ્ટિમેન્ટ રાખવામાં આવ્યું છે.



જ્યારે ઈસ્ટ ઝોનમાં રૂ.૨૦ લાખ અને વેસ્ટઝોનમાં રૂ.૧૨ લાખનું એસ્ટિમેન્ટ રાખવામાં આવ્યું છે.

ગાર્ડન શાખા દ્વારા જાહેર કરાયેલા આ ટેન્ડરમાં અગાઉથી જ ૧૪ ટકા ઓન સાથેનું એસ્ટિમેન્ટ મુકવા માં આવ્યું છે. છેલ્લે જ્યારે કોન્ટ્રાક્ટ અપાયો ત્યારે ૧૪ ટકા ઓન સાથે એજન્સીઓને કામ સોંપાયું હતું . આ વર્ષે ૧૪ ટકા ઓન સાથેના ભાવ જ મહાનગરપાલિકાએ આપ્યા છે. આમાં ગુલાબની શેર માટે રૂ. ૨૧.૫૦, ગલગોટાની શેરના રૂ. ૧૧, લીલીના ફૂલો માટે રૂ.૮.૫૦, સેવંતીના ફૂલો માટે રૂ. ૯૦, ગેલોર્ડિયાના ફૂલો માટે રૂ.૭૦, આસોપાલવના બીડા માટે રૂ.૪, ત્રણથી વધુ ફૂલોના કલરના તોરણ માટે રૂ. ૭૧.૫૦, એક ફૂટની પહોળાઈના રીઅલ ફૂલના એક ફૂટના પટ્ટા જેમાં ઝરબેરા, ગુલાબ અને અન્ય જરૂરી ફૂલો અને ફીલરના ડેકોરેશન માટે રૂ.૯૦૦ અને બે ફૂટની પહોળાઈના પટ્ટામાં ઝરબેરા, ઓર્કિડ, જીપ્સો, ગુલાબ, અને અન્ય જરૂરી ફૂલોનાં ફીલર સાથે રૂ. ૧૬૦૦, ઈંગ્લિશ ગુલાબના હાર માટે રૂ.૫૭૪, આર્ટિફિશીયલ ફૂલોથી જુદાજુદા કલરમાં લાઈનીંગ ડેકોરેશન માટે રૂ.૫.૫૦ આર્ટિફિશીયલ તોરણ માટે રૂ.૨૮.૫૦, અને આર્ટિફિશીયલ ફૂલોના પટ્ટાના ડેકોરેશન માટે રૂ.૬૩ પ્રતિ રનીંગ ફૂટના ભાવ અપાયા છે. જ્યારે પ્રતિ નંગ મુજબ સાદા બુકેના રૂ.૫૧.૫૦, એક ખાદી રૂમાલ, એક ડચ ગુલાબ અને જરૂરી ફીલર સાથે રૂ. ૧૪૦, પ્લાસ્ટિક પેકમાં ફૂલ સાઇઝ હેન્ડ બુકે માટે રૂ.૧૫૭, ઝરબેરા, ઓર્કિડ, જીપ્સો, ગુલાબ અને અન્ય જરૂરી ફૂલો સાથે પ્લાસ્ટિક અને રંગીન કાગળ પેકિંગમાં રૂ.૨૮૦૦, ફ્લાવર વાઝ વગર ટેબલ પરના બુકે માટે રૂ.૨૨૮.૫૦, ઓર્કિડના ફૂલોનું બુકે ડેકોરેશન રૂ.૫૭૧, કટ ફ્લાવર્સ (રોસીઝ કલર્ડ)ના રૂ.૧૦, ડીવાઈન ગુલાબના રૂ.૫.૫૦, ડચ ગુલાબના રૂ.૧૫.૫૦, ગલગોટા, ગેલાર્ડીયા, ગુલાબ, લીલી વગેરેના ફૂલના સાદા હારના રૂ. ૫૭.૫૦, ગુલાબ લીલી ફૂલના હાર માટે રૂ. ૩૪૩નો ભાવ કિલોગ્રામ ગુલાબના ફૂલની છૂટી પાંદડીઓ માટે રૂ.૧૧૪.૫૦ અને મિકસ ફૂલની પાંદડીઓ માટે રૂ.૩૪૩, તેમજ પ્રતિ ચોરસ ફૂટ મુજબ લાકડાના ભુસામાં રંગોળી બનાવવા માટે રૂ.૪૫,૫૦, ચિરોડીના તમામ કલરમાં રૂ.૩૬૦, આર્ટવર્ક તમામ કલર અને આર્ટ સાથે ચિરોડી કલર માટે રૂ. ૪૫૦, સુતરની આંટી પ્રતિ રનિંગ ફૂટના રૂ.૭૫ અને બે ઈંચ પહોળાઈની રીબિન ડેકોરેશન માટે રૂ. ૨૫નો ભાવ અપાયો છે.

# સાત વર્ષમાં ગાંધી મ્યુઝિયમની ૩,૭૫,૨૪૨ લોકોએ લીધી મુલાકાત

## ૬૫૩ વિદેશી મુલાકાતીઓ, ૧,૦૭,૮૬૧ બાળકોનો સમાવેશ

રાજકોટ, તા.૨૮

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જ્યાં પ્રાથમિક શિક્ષણ લીધું છે તેવી મોહનદાસ ગાંધી વિદ્યાલય (જૂની આલ્ફ્રેડ હાઇસ્કુલ)માં મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮નાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનાં હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું





હતું. અને લોકાર્પણ તા.૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ કરાયું હતું. ત્યારથી આજ સુધીમાં ૨૬૫૩ વિદેશી મુલાકાતીઓ, ૧,૦૭,૮૬૧ બાળકો સહીત ૩,૭૫,૨૪૨ મુલાકાતીઓએ ગાંધી મ્યુઝિયમની મુલાકાત લઇ અભિભૂત થયા છે.

આ મ્યુઝિયમમાં ગાંધીજીના જીવનના આદર્શો, જીવન ચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઇ.ડી. સ્ક્રીન મારફત દર્શાવવામાં આવ્યા છે. મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં, ટિકિટ વિન્ડો, ક્લોકરૂમ, મુલાકાત માટે ગાઇડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઇબ્રેરી, વી.આઇ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ સાંજે ૭ વાગ્યે ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૩૦મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ અને ૨જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે નિઃશુલક પ્રવેશ અપાય છે.

# જિલ્લાના ૧૪ નાયબ મામલતદારો અને છ તલાટીની બદલી

## રાજ્યભરમાં ૧૪૫ નાયબ મામલતારોને આવ્યા બદલવામાં જ્યારે ૨૦૭ તલાટી મંત્રીઓની પણ ફેર બદલી

રાજકોટ, તા. ૨૮

છેલ્લા ઘણા સમયથી હાલ વહીવટી તંત્રમાં અનેકવિધ હોદ્દા ઉપર ફેરબદલ થઈ રહ્યા છે ત્યારે રાજ્યના ૧૪૫ નાયબ મામલતદારો અને ૨૦૭ મહેસુલ તલાટીના જિલ્લા ફેર બદલી કરવામાં આવી હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે જ્યાં અંગેનો નિર્ણય ગઈકાલે લેવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી એક જ જગ્યા પર કાર્યકર્તા નાયબ મામલતદારો તથા મહેસૂલી તલાટીઓની બદલી કરવામાં આવી છે ત્યારે રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો ૧૪ નાયબ મામલતદારોને છ રેવન્યુ તલાટીની નિયુક્તિ કરવામાં આવી છે જ્યારે બે મામલતદારોની બદલી પણ કરવામાં આવી હોવાનું હાલ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે.




રાજકોટ જીલ્લામાં જે નાયબ મામલતદારોની નિમણુંક કરવામાં આવી છે તેમાં દેવભૂમિ દ્વારકાથી દિપકભાઈ શ્રીગોર, મહેશ પરમાર, ગીર સોમનાથથી જયના ધીરજલાલ સોરઠીયા, સુરેન્દ્રનગરથી જીજ્ઞેશ સદારાની, બોટાદથી પ્રતાપભાઈ ઉધરેજા, દેવભૂમિ દ્વારકાથી મિલન દિનેશભાઈ નિમાવત, જુનાગઢથી હર્ષા નિર્મલ, ગીર સોમનાથથી પંકજ બાલાભાઈ કોડીયાતર, મોરબીથી વાય.પી. ગોસ્વામી, જુનાગઢથી કાજલ લાખાણી, જામનગરથી માંકડા મુર્તઝા અને અમરેલીથી કૈઝર ઈનાયત મહોંમદની રાજકોટ જીલ્લામાં બદલી કરવામાં આવી છે.

જયારે ૨૦૭ મહેસુલી તલાટી કર્મચારી સ્વવિનંતીના આધારે જીલ્લા ફેર બદલી કરવામાં આવી છે જેમાં ચાર તલાટીઓને રાજકોટ જીલ્લામાં મુકવામાં આવેલ છે. આ તલાટીઓમાં તાપીથી વૈભવ ઓઝા, હિરેન વાળા, દાહોદથી રવિના જાદવ અને ડાંગથી વી.જે. કયાડાની અને વડોદરાથી જંખના રાજેન્દ્ર પટેલની રાજકોટ જીલ્લામાં નિયુકિત કરવામાં આવી છે જયારે બે નાયબ મામલતદારોની રાજકોટ જીલ્લામાંથી અન્યત્ર જીલ્લાફેર બદલી કરવામાં આવી છે.

# વીરપુરમાં વાહન ધોવા જેવી વાતે દંપતી પર હુમલો

## જલારામ બાપાના મંદિર પાસે ગાળાગાળી કરી ઢોર માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપીઃ ચાર શખ્સો સામે ફરિયાદ

વીરપુરઃ યાત્રાધામ વીરપુરમાં વાહન ધોવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા એક દંપતી પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ ચાર શખ્સો વિરુદ્ધ વીરપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગતો મુજબ, વીરપુરના રાણીબાગ વિસ્તારમાં રહેતા હંસાબેન અને તેમના પતિ વિજયભાઈ કટોડીયા મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૨૫/૦૧ ના રોજ સવારે આશરે ૯:૦૦ વાગ્યે આ દંપતી મીનળવાવ ચોક પાસે આવેલા જલારામ બાપાના મંદિર પાસે વાહનો ધોવાનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન બપોરના સમયે રાકેશ નટુભાઈ સાંગાણી નામના વ્યક્તિ ત્યાં વાહન ધોવા આવ્યા હતા. વાહન ધોવા બાબતે રાકેશભાઈએ વિજયભાઈ સાથે બોલાચાલી શરૂ કરી હતી અને ગાળો આપવા લાગ્યા હતા. મામલો ત્યારે વધુ બિચક્યો જ્યારે રાકેશભાઈની સાથે તેમની પત્ની હીરાબેન, સંગીતાબેન નટુભાઈ અને કિશોર ઉર્ફે ભોટલા રાજુભાઈ પણ ત્યાં આવી પહોંચ્યા હતા

# વોર્ડ નં-૩ના મનહરપુર-૧માં નવનિર્મિત લાઈબ્રેરીનો પ્રારંભ

## વોર્ડ નંબર-૩ના કોર્પોરેટર ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા ધોરણ ૬ થી ધોરણ ૮ ના ૧૧ વિદ્યાર્થીઓને લાઇફ ટાઇમ મેમ્બરશીપ ફી આપવાની જાહેરાત

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં નવા ભળેલા અને વોર્ડ નંબર ૩મા સમાવિષ્ટ મનહરપુર-૧ વિસ્તારમાં નવનિર્મિત લાઈબ્રેરીનું લોકાર્પણ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવેનાં હસ્તે તા.૨૮ના રોજ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ કરવામાં આવેલ લાઈબ્રેરી ખાતે આવનાર ધોરણ-૬ થી ધોરણ-૮ના ૧૧ બાળકોની લાઈફ ટાઈમ સદસ્યતા ફી ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા આપવામા આવશે . આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા



આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા, માધ્યમિક અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, કોર્પોરેટરો બાબુભાઈ ઉધરેજા, જીતુભાઈ કાટોડીયા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય હિતેશભાઈ રાવલ, સંગઠનની ટીમ તથા રાજકોટવાસીઓ અને મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નવા ભળેલા વિસ્તાર વોર્ડ નંબર ૩ મનહરપુર ૧ જામનગર રોડ વિસ્તારમાં નવી લાઈબ્રેરી ૮૦ ચોરસ મીટર હયાત બિલ્ડીગમાં રીનોવેશન કરી કાર્યરત કરવામાં આવી છે, તેમાં અંદાજિત ૩૦ લાખ જેવો ખર્ચ કરવામાં આવ્યો છે. લાયબ્રેરીમા લાઈબ્રેરિયન ઓફીસ, વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ વાંચનાલય રૂમ, પુસ્તકો આપ- લે માટે ઈશ્યુ કાઉન્ટર, પુસ્તકો માટે સુંદર ફર્નિચર, છાપા તથા મેગેઝીન માટે જનરલ વાંચનાલય, પીવાના પાણી માટે વોટર કુલર અને એક્વાગાર્ડ, જેવી આધુનિક સુવિધા લાઈબ્રેરી બિલ્ડીગમાં કાર્યરત કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા નવી લાઈબ્રેરી સંગ્રહમાં ૭૧૪૪ પુસ્તકોનું કલેક્શન, ૪૦ વિવિધ ભાષા અને વિષયોનાં મેગેઝીન, ૧૦ ગુજરાતી અને અગ્રેજી -વર્તમાન પત્રો, લાઈબ્રેરી સુવિધાઓ - આકર્ષક એલીવેશન, નેચરલ લાઈટીગ. શીખવા માટે સારું વાતાવરણ, સેલ્ફ ડેવલોપમેન્ટ માટે જ્ઞાનનો ખજાનો, વિદ્યાર્થી ઓને માટે શાંત અને સુવિધાજનક વાચનાલય - સ્પર્ધાત્મક પરીક્ષા માટે વ્યક્તિગત માહિતી અને માર્ગદર્શન. વિવિધ વિષયોથી સભર ગુજરાતી, હિન્દી, અગ્રેજી ભાષાનાં અલગ અલગ વિષયો જેમ કે, નવલકથા, નવલિકા, ધર્મ, ફિલોસોફી, વિજ્ઞાન, ટેકનોલોજી, ભૂગોળ, ઈતિહાસ, જીવન ચરિત્ર, સ્ત્રી વિષયક, સ્પર્ધાત્મક પરીક્ષા લક્ષી સાહિત્ય, બાળ સાહિત્ય, રાખવામાં આવેલ છે.

મહાનગરપાલિકા દ્વારા ૧૯૮૪ થી શહેરના નાગરિકોને વાચનની સેવાઓ મળી રહે તેવા હેતુથી લાઈબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે આજે વિવિધ વોર્ડ વિસ્તરોમાં ૬ મોટી લાઈબ્રેરી, ૨ બહેનો તથા બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી તથા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ વોર્ડમાં કુલ ૭ વિદ્યાર્થી વાંચનાલય દ્વારા શહેરમાં ૧૫ અલગ અલગ વિસ્તારમાં લાઈબ્રેરી વિષયક વિવિધ સેવાઓ આપવામાં આવે છે. આ બધી લાઈબ્રેરીઓમાં કુલ ૩,૦૫,૯૩૭ પુસ્તકો, રમકડાં મલ્ટી મીડીયા અને મેગેઝીનો છે. જેનો કુલ ૪૦,૩૫૦ મેમ્બરો દ્વારા લાભ લેવામાં આવે છે.

# મનપા હસ્તકની શાળાઓમા શાળા સલામતી સપ્તાહની ઉજવણી

## દરરોજ પાંચ શાળાઓમા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અલગ-અલગ આપત્તિ સમયે રાખવામાં આવતી કાળજી બાબતે ફેલાવાશે જાગૃતિ



રાજકોટ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરુ કરવામા આવી છે. જેમા કુદરતી તથા માનવ સર્જિત આપત્તિઓ, જોખમો અને બચાવ પ્રયુક્તિઓ અન્વયે વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ કેળવાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામા આવે છે. આ કાર્યક્રમમા ફાયર વિભાગમાંથી શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ફાયરની તાલીમ તથા ડેમોસ્ટ્રેશન આપવામા આવે છે તથા ઇંન્ડિયન રેડ ક્રોસ સોસાયટી માંથી પ્રાથમિક સારવાર, સી.પી. આર. વિશે માહિતી અને તાલીમ આપવામા આવે છે. આગાખાન એજન્સી ફોર હેબિટ્સ ઇંન્ડિયા દ્વારા ધરતીકંપ, વાવાઝોડુ, પુર, ત્સુનામી જેવી આપત્તિઓ સમયે કઇ-કઇ બાબતોની કાળજી રાખવી તે બાબતે તાલિમ તથા પ્રેક્ટિકલ ડેમો આપવામા આવે છે. આ અંતર્ગત તા.૨૭થી મહા પાલિકા હસ્તકની શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામા આવ્યો છે.

આ ઉજવણી તા.૩૧ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે જેમા દરરોજ પાંચ શાળાઓમાં શાળાના બાળકો અને શિક્ષકોને અલગ-અલગ ફાયર, પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટર વિશે તાલીમ આપવામા આવશે.

તદુઉપરાંત શાળા સલામતી સપ્તાહ ઉજવણી કાર્યક્રમમા વિવિધ તાલિમો પૈકી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ દ્વારા શાળામા લગાવવામા આવેલ ફાયર સીસ્ટ્મ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શુ કરવુ અને શુ ન કરવુ જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની સીસ્ટ્મ અને સાધનો તથા ફાયર એક્સ્ટીગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવો, પોતાનો તથા અન્યનો બચાવ કઇ રીતે કરવો તેની માહિતી આપવામા આવશે. રેડ ક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન તથા ડેમો દ્વારા સમજ આપવામા આવશે તેવું જાહેર કરાયુ છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કુનેહને તક

## ૨૭ દેશો સાથે રાજકોટના વ્યાપારની સંભાવનાના દ્વાર ખુલ્યા, પણ..



ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના વ્યાપારિક સંબંધો એક નવા યુગમાં પ્રવેશી રહ્યા છે. પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર કરાર એ ગુજરાતના આર્થિક પાટનગર સમાન રાજકોટ માટે માત્ર વ્યાપારિક સંધિ નથી, પરંતુ ૨૭ યુરોપિયન દેશોના સમૃદ્ધ બજારમાં પોતાની ક્ષમતા પુરવાર કરવાની સુવર્ણ તક છે. વર્ષોથી 'એન્જિનિયરિંગ હબ' તરીકે ઓળખાતું રાજકોટ હવે વૈશ્વિક સ્પર્ધાના મેદાનમાં ઉતરવા સજ્જ થઈ રહ્યું છે, જ્યાં તકોની સાથે આકરા પડકારો પણ ઊભા છે.

રાજકોટના ઉદ્યોગ જગતની સૌથી મોટી તાકાત તેની 'કોઠાસૂઝ' છે. અહીંના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોએ મર્યાદિત સંસાધનોમાં પણ અદભૂત પ્રગતિ કરી છે. ઓટોમોબાઈલ પાર્ટ્સ, કાસ્ટિંગ, ફોર્જિંગ, મશીન ટૂલ્સ અને પંપ ઉદ્યોગોમાં રાજકોટનું નામ રાષ્ટ્રીય સ્તરે ગુંજે છે. ભારત-યુરોપ કરાર થવાથી આ ઉદ્યોગો માટે જર્મની, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેન જેવા દેશોમાં નિકાસના દ્વાર ખુલશે. યુરોપિયન દેશોમાં હાઈ-ક્વોલિટી એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સની ભારે માંગ છે, જે રાજકોટના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને એક નવી ઊંચાઈ પર લઈ જઈ શકે છે.

જોકે, આ તકને સફળતામાં બદલવા માટે 'કોઠાસૂજ' ની સાથે 'અત્યાધુનિક ટેકનોલોજી' નો સમન્વય અનિવાર્ય છે. યુરોપના બજારો વિશ્વમાં સૌથી કડક ગુણવત્તાના ધોરણો ધરાવે છે. ત્યાં માત્ર સસ્તી વસ્તુઓ નહીં, પણ 'પ્રિસિઝન' અને 'ડ્યુરેબિલિટી' પર ભાર મૂકવામાં આવે છે. રાજકોટે તેની જૂની ઉત્પાદન પદ્ધતિઓ ત્યાગીને લેટેસ્ટ સીએનસી મશીન્સ, રોબોટિક્સ અને ડિજિટલ ક્વોલિટી ચેકિંગ સિસ્ટમ અપનાવવી પડશે. જો આપણે ઈન્ટરનેશનલ સર્ટિફિકેશન અને પર્યાવરણના જાળવણીના નિયમોને અવગણીશું, તો આટલું મોટું બજાર હાથમાંથી સરકી શકે છે.

બીજી તરફ ચીન, વિયેતનામ અને તુર્કી જેવા દેશો પહેલેથી જ યુરોપમાં પગપેસારો કરી ચૂક્યા છે. આ સ્પર્ધાત્મક માહોલમાં રાજકોટની પ્રોડક્ટ્સે પોતાનો વિશ્વાસ સ્થાપવાનો મોટો પડકાર છે. યુરોપિયન ગ્રાહકો લાંબાગાળાના વ્યાપારિક સંબંધોમાં માને છે, જેના માટે સમયસર ડિલિવરી અને 'ઝીરો ડિફેક્ટ' પ્રોડક્ટ્સ સૌથી મહત્વની છે. 'મેડ ઈન રાજકોટ' બ્રાન્ડની વિશ્વસનીયતા ઊભી કરવા માટે ઉદ્યોગપતિઓએ આર એન્ડ ડી પાછળ ખર્ચ કરવો પડશે.

૨૭ દેશોના બજારના દ્વાર ખુલવા એ રાજકોટ માટે એક ઐતિહાસિક ક્ષણ છે. જો આપણે આપણી કુનેહને ટેકનોલોજી અને શિસ્તબદ્ધ ગુણવત્તા સાથે જોડી દઈશું, તો રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગો યુરોપિયન બજાર પર ચોક્કસપણે છવાઈ જશે.

# FTA રાજદ્વારી ભારતને વૈશ્વિક ખેલાડી બનાવ્યું

## ૩૫ ટ્રિલિયન ડોલર GDP સુધી સીધી પહોંચ આપી : ભારતે ૧૫ થી વધુ દેશો અને મુખ્ય આર્થિક જૂથો સાથે મુક્ત વેપાર કરારો પર કર્યા હસ્તાક્ષર




નવીદિલ્હી, તા. ૨૮

જ્યારે વિશ્વના ઘણા મુખ્ય દેશો પરસ્પર વેપારમાં અવરોધો ઉભા કરવામાં વ્યસ્ત છે, ત્યારે યુએસ પ્રમુખ ટ્રમ્પ એક અલગ સૂર ગાઈ રહ્યા છે. આ પડકારજનક સમયમાં, ભારતે એક અલગ રસ્તો પસંદ કર્યો છે. ભારતે મુક્ત વેપાર કરારો (FTA) ને પોતાની તાકાત તરીકે ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું છે. તાજેતરમાં, દેશે યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે આ કરારમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ફક્ત યુરોપ જ નહીં, ભારતે તાજેતરના વર્ષોમાં અનેક દેશો સાથે FTA પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી દેશને લગભગ ૩૫ ટ્રિલિયનના ત્ર્ઙ્ઘઉ સુધી સીધી પહોંચ મળી છે. ચાલો આ FTA પર નજીકથી નજર કરીએ અને અર્થશાસ્ત્ર સમજાવીએ.

FTA એ બે કે તેથી વધુ દેશો વચ્ચેના વેપાર કરારનો ઉલ્લેખ કરે છે જેમાં એકબીજાના ઉત્પાદનો પરના કર કાં તો ઘટાડવામાં આવે છે અથવા દૂર કરવામાં આવે છે. આનાથી માલ સસ્તો થાય છે, વેપાર વધે છે અને કંપનીઓને નવા બજારો પૂરા પડે છે. આ નીતિ દ્વારા, ભારતે હવે વિશ્વના સૌથી મોટા બજારોમાં સીધી પહોંચ મેળવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારતે FTA મોરચે ઝડપી પ્રગતિ દર્શાવી છે. આજે, ભારતે ૧૫ થી વધુ દેશો અને મુખ્ય આર્થિક જૂથો સાથે મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારો ફક્ત દેશો જ નથી, પરંતુ મોટી વસ્તી, વિશાળ પ્રદેશો અને મજબૂત અર્થતંત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. આ કરારોને કારણે, ભારતે આશરે ૩૫ ટ્રિલિયનના વૈશ્વિક GDP સાથે બજારોમાં સીધી પહોંચ મેળવી છે.

આ વ્યૂહરચનાનું સૌથી નોંધપાત્ર ઉદાહરણ જાન્યુઆરી ૨૦૨૬ માં હસ્તાક્ષર કરાયેલ ભારત-યુરોપિયન યુનિયન FTA છે. યુરોપિયન યુનિયન ૨૭ દેશોનું જૂથ છે અને તેને વિશ્વનું બીજું સૌથી મોટું અર્થતંત્ર માનવામાં આવે છે. આ કરારથી ભારતીય કંપનીઓને મજબૂત ખરીદ શક્તિ અને ઉચ્ચ સ્તરની ટેકનોલોજી અને ઉદ્યોગ ધરાવતા બજારમાં સીધી પહોંચ મળી છે. સાથે મળીને, ભારત અને યુરોપિયન યુનિયન હવે વિશ્વના કુલ GDP ના લગભગ એક ક્વાર્ટર હિસ્સો ધરાવે છે. એશિયામાં ભારતનું સૌથી મોટું વેપાર નેટવર્ક ASEAN દેશો સાથે છે. દક્ષિણપૂર્વ એશિયાના ૧૦ દેશોનું આ જૂથ વસ્તી અને બજાર બંનેની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૧૦ થી અમલમાં આવેલ ભારત-અજીઅગ FTA એ ભારતના ઓટો પાર્ટ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ ઉત્પાદનો અને એન્જિનિયરિંગ માલ માટે એક મહત્વપૂર્ણ બજાર પૂરું પાડ્યું છે. આ પ્રદેશની યુવા વસ્તી અને ઝડપથી વધતો વપરાશ ભારતને લાંબા ગાળાના લાભો લાવી રહ્યો છે.

ભારત નાના દેખાતા પણ મહત્વપૂર્ણ દેશો સાથે મજબૂત ભાગીદારી ધરાવે છે. સિંગાપોર અને મોરેશિયસ જેવા દેશો, વસ્તીમાં નાના હોવા છતાં, ભારત માટે નોંધપાત્ર વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. સિંગાપોર એશિયાનું નાણાકીય કેન્દ્ર છે, અને મોરેશિયસ આફ્રિકા સુધી પહોંચ પૂરું પાડે છે. આ દેશો સાથેના FTA ભારતીય રોકાણ અને સેવાઓ માટે નવા રસ્તા ખોલે છે. ઓસ્ટ્રેલિયા સાથેના FTA એ ભારતના સંસાધન અને ઉર્જા સુરક્ષા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ઓસ્ટ્રેલિયા, તેના વિશાળ ભૂમિ અને ખનિજ સંસાધનો સાથે, ભારતીય નિકાસ માટે પણ નોંધપાત્ર તકો પ્રદાન કરે છે. તેવી જ રીતે, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા ટેકનોલોજીકલ રીતે અદ્યતન દેશો સાથેના કરારોએ ભારતના ઉત્પાદન અને ટેકનોલોજી ક્ષેત્રોને મજબૂત બનાવ્યા છે.

# સંસદના બજેટ સત્રનો પ્રારંભ

## બે તબક્કામાં યોજાશે : પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે : રજૂ થયો આર્થિક સર્વે



નવીદિલ્હી, તા. ૨૮

સંસદનું બજેટ સત્ર શરૂ થઈ ગયું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધનથી સત્રની શરૂઆત થઈ. આ સત્ર બે તબક્કામાં યોજાશે, જેમાંથી પહેલો આજથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુના એક્સ-પોસ્ટ મુજબ, બજેટ પર ચર્ચા કરતો બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે. પ્રથમ તબક્કા દરમિયાન, સંસદમાં આર્થિક સર્વે રજૂ કરવામાં આવશે, જ્યારે નાણામંત્રી નિર્મલા સીતારમણ રવિવાર, ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરશે. સત્રની શરૂઆત કરતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સરકાર વિકસિત ભારત માટે સમૃદ્ધ ખેડૂતને પ્રથમ પ્રાથમિકતા માને છે, અને આ ભાવનાથી, સરકારે પીએમ કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી છે.

રાષ્ટ્રપતિએ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ અને રોજગાર માટે ''વિકસિત ભારત-જી રામ જી કાયદો'' લાગુ કરવાનો પણ ઉલ્લેખ કર્યો, જેના કારણે વિપક્ષના સભ્યો વિરોધ કરવા, સૂત્રોચ્ચાર કરવા અને નારા લગાવવા લાગ્યા. તેમણે દાવો કર્યો કે સરકાર સાચા સામાજિક ન્યાય માટે સમર્પિત છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન સાથેનો FTA સેવા અને ઉત્પાદન ક્ષેત્રોને વેગ આપશે અને યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સરકાર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો સામનો કરવામાં, જાહેર ભંડોળનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવામાં સફળ રહી છે. તેમણે ભાર મૂક્યો હતો કે સરકાર દલિતો, વંચિતો, પછાત વર્ગો અને આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ભારત સરકારે સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે, જે ખૂબ જ સફળ રહી છે. તેમણે નોંધ્યું હતું કે એક દાયકા પહેલા દેશમાં ફક્ત ૫૦૦ સ્ટાર્ટ-અપ હતા, પરંતુ હવે આ સંખ્યા હજારોમાં છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે ટેકનોલોજી અને AI પણ ઝડપી વિકાસનો અનુભવ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે સરકાર અને યુવાનોના સંયુક્ત પ્રયાસોને કારણે દેશમાં રમતગમતમાં જબરદસ્ત વિકાસ થઈ રહ્યો છે. તેમણે નોંધ્યું હતું કે સરકારે ખેલો ઈન્ડિયા જેવી પહેલ શરૂ કરી છે અને રમતગમત વિભાગમાં પારદર્શિતા લાવી છે. તેમણે અનેક સરકારી યોજનાઓની પણ પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત ગ્લોબલ સાઉથના નેતા તરીકે ઉભરી આવ્યું છે. તેણે BRICK, SCO, G20 જેવા પ્લેટફોર્મ પર મજબૂત હાજરી સ્થાપિત કરી છે અને ઘણા વૈશ્વિક મુદ્દાઓને સંબોધવાનો પ્રયાસ કર્યો છે. એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે સરકાર ટૂંક સમયમાં ગ્લોબલ AI સમિટનું આયોજન કરશે. સંસદના ૨૦૨૬ ના બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધનથી થઈ. તેમણે સમૃદ્ધ ખેડૂતો, પીએમ કિસાન સન્માન નિધિ, ગ્રામીણ વિકાસ અને ''વિકસિત ભારત'' પર ભાર મૂક્યો. રાષ્ટ્રપતિએ યુરોપિયન યુનિયન સાથે FTA, સ્ટાર્ટઅપ્સની સફળતા, ભ્રષ્ટાચાર મુક્ત શાસન અને દલિતો અને વંચિતોના કલ્યાણ પર પણ પ્રકાશ પાડ્યો.

# દેશમાં કોઈ સુરક્ષિત નથી : મમતા

## બારામતી પ્લેન ક્રેશ મામલે મમતા બેનર્જી હેરાન : સુપ્રીમ કોર્ટની આગેવાનીમાં તપાસની માંગ

નવીદિલ્હી, તા. ૨૮


મહારાષ્ટ્રના બારામતીમાં વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારના મૃત્યુ પર વરિષ્ઠ નેતાઓ સતત શોક સંદેશાઓ આપી રહ્યા છે, ત્યારે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ અકસ્માતની તપાસની માંગ કરી છે. દરમિયાન, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિમાન દુર્ઘટના પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું કે દેશમાં રાજકીય નેતાઓ અને સામાન્ય લોકો માટે કોઈ સુરક્ષા નથી. આ અકસ્માતની તપાસ થવી જોઈએ. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના નેતાના અકાળ અવસાન પર કટાક્ષ કરતા, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, ''મને આઘાત લાગ્યો છે કે લોકો, રાજકીય નેતાઓ પણ, હવે દેશમાં સુરક્ષિત નથી. દેશમાં રાજકીય નેતાઓ અને સામાન્ય લોકો માટે કોઈ સુરક્ષા નથી.'' મમતા બેનર્જીએ અજિત પવારના મૃત્યુની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની પણ માંગ કરી હતી. તેમણે તોડફોડના ખૂણાને પણ નકારી કાઢ્યો ન હતો.

એકનાથ શિંદેએ અગાઉ પણ અકસ્માતની તપાસની માંગ કરી હતી. પવારના અવસાન પર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, ''અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. રાજ્યમાં શોકનું વાતાવરણ છે. તેમના જેવા નેતાને ગુમાવવું એ એક મોટું નુકસાન છે. અંગત જીવનમાં, તેઓ અમારા માટે એક સારા મિત્ર જેવા હતા. અમે સાથે મળીને અનેક પડકારોનો સામનો કર્યો. તેઓ મહારાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી રહ્યા હતા, પરંતુ તેમનું અકાળ અવસાન એક મોટું નુકસાન છે. અમારી સંવેદના તેમના પરિવાર સાથે છે. હું આજે એકનાથ શિંદે સાથે બારામતી જઈશ. મેં વડા પ્રધાન (નરેન્દ્ર મોદી) અને ગૃહ પ્રધાન (અમિત શાહ) ને અકસ્માત વિશે જાણ કરી છે, અને તેમણે શોક વ્યક્ત કર્યો છે.''

આ પહેલા, બુધવારે સવારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને લઈ જતું ચાર્ટર્ડ વિમાન બારામતીમાં ઉતરતી વખતે ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં અજિત પવાર સહિત પાંચ લોકોના મોત થયા હતા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉડાન દરમિયાન વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને પાયલોટે મેડે કોલ કર્યો હતો. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઉતરાણના બીજા પ્રયાસ દરમિયાન વિમાનમાં આગ લાગી હતી, જેના કારણે અકસ્માત થયો હતો.

અકસ્માત સંબંધિત સૂત્રો કહે છે કે ઉડાન દરમિયાન વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પાઇલટને ટેકનિકલ ખામીની જાણ થઈ અને તેણે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને જાણ કરી. તેણે મેડે કોલ પણ કર્યો અને ઇમરજન્સી લેન્ડિંગ માટે પરવાનગી માંગી. અઝઈ તરફથી પરવાનગી મળ્યા પછી, પાઇલટે ઇમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કર્યો, જેના કારણે અકસ્માત થયો. અકસ્માતના કારણની તપાસ શરૂ કરવામાં આવશે.



એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો ઘટનાની તપાસ કરશે. બ્યુરોની એક ટીમ ટૂંક સમયમાં ઘટનાના કારણની તપાસ માટે સ્થળની મુલાકાત લેશે. DGCA ની એક ટીમ પણ સ્થળની મુલાકાત લઈ શકે છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## આ શો ચતુરાનાં ચિત્તનો ચાળો રે.. એ રચનામાં નરસિંહનાં મતે ચતુરાનો સંદર્ભ શું છે?



મિત્રો- શુભ સવાર.

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એકવીસમી સદીનાં માનવીની સૌથી કોઈ મોટી ઉપલબ્ધિ હોય તો, એ બૌદ્ધિકતા છે! છેલ્લાં થોડા વર્ષ પાછળ નજર કરીએ તો, વિજ્ઞાનની ત્રણે ત્રણ શાખાઓ એટલે કે રાસાયણિક, ભૌતિક, અને જૈવિક ક્ષેત્રે કેટલીય શોધ થઈ અને માનવીનું જીવન વલણ દિવસે દિવસે એશોઆરામ તરફ ઢળતું જાય છે! આમાં કોઈ ત્રૂટિ કાઢવાની વાત નથી! પણ એશોઆરામની ચાહ માનવીને અનૈતિક બનાવી રહી છે! તે તરફ માનવી આંખ આડા કાન કરતો જાય છે, અને એ રીતે પરિવાર, જ્ઞાતિ, સમાજ, દેશ અને વિશ્વ અશાંતિનું ધામ બનતું જાય છે! જે પૃથ્વીને કવિઓએ સ્વર્ગ બતાવી વર્ણન કર્યું હતું, એનું એણે નિકંદન કાઢી નાખ્યું! એમ કહીએ તો એમાં જરાય અતિશયોક્તિ નથી. આજે ગુરુવાર એટલે પ્રાર્થનાનો ક્રમ તો નરસિંહની આવી જ એક રચના.

નરસિંહ મહેતા

આ શો ચતુરાનાં ચિત્તનો ચાળો રે, એને કોઈ નિહાળો રે.

કવિ અહીં સૂક્ષ્મ અર્થને સાથે રાખીને કહે છે કે ચતુરા એટલે કે બુદ્ધિની ચતુરાઈને કારણે એણે ઈશ્વરે જે ઘડ્યું હતું એ પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું એને તું જો! પણ હકીકતમાં પોતે જ્યારે કૃષ્ણ ભક્તિમાં લીન થઈ ગોપી બની ગોકુળ જાય છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને કહે છે કે તું મને નિહાળ, એટલે કે મારી સામે જો.

બ્રહ્માએ નથી ઘડી ભામિની, એ તો આપે બનીને આવી રે,<br>ત્રણ લોકમાં નહીં રે તારુણી, આવડું રૂપ ક્યાંથી લાવી રે?

ત્રણે લોકમાં આવી પ્રખર ભક્તિ શક્તિનો મુકાબલો કોઈ કરી શકે એમ નથી! અને અધધધ એનું રુપ સ્વરૂપ છે! બ્રહ્મા એ ઘડેલું આ માનવીય રુપ નથી! એ તો પોતાની ખુદની ચતુરાઈથી બનીને આવી છે. ભક્તિ સંદર્ભ લઈએ તો ભગવાન અને ભક્ત વચ્ચે પછી લીંગ ભેદ પણ નથી રહેતો, એટલે નરસિંહને બ્રહ્માએ તો જન્મે નર બનાવ્યાં હતાં, એટલે કે નર હોવા છતાં ગોપી એટલે કે એક નારી બનીને ગોકુળ આવ્યાં છે. નરસિંહ ભગત ભગવાનને કહે છે કે, તને ત્રણે લોકમાં મારાં જેવો કોઈ ભક્ત નહીં મળે! અથવા ગોકુળની છોડ, ક્યાંય તને મારા જેવી તરુણા એટલે કે નવ યૌવના જોવા નહીં મળે એવું મારું રુપ છે!

દર્શન કરતાં દુઃખડા ભાજે, સ્પર્શે પાતક જાયે રે,<br>એ નારીની જાતને જાણે તેને આવામન નહીં થાય રે.

જેનું દર્શન કરવાથી દુઃખ ભાગી જાય છે, અને સ્પર્શ કરવાથી પાપનો નાશ થાય છે! ભક્તિની પરાકાષ્ઠા વાળા ભક્તના એટલે કે સાધુ ચરિત સંતના દર્શનથી આપણા દુઃખ ભાંગે છે, અને એમની કૃપા કે આશીર્વાદથી પાપનો નાશ થાય છે!: ભક્તિ રુપી નારીના સ્વરૂપને જાણી લે છે, એનું પછી જન્મ મૃત્યુનું આવવું જવું બંધ થાય છે, એટલે મુક્તિને પામે છે.

ઘડ્યું ઘરેણું એને રે હાથે, હાથે ભરી છે ચોળી રે,<br>સાળિડે ભાત નારી કુંજરની, કસુંબાના રંગમાં બોળી રે.

ભક્તિ રુપી નારીએ પોતાના શણગારના સાધનોને જાતે બનાવ્યા છે! એટલે કે સાધના કે તપથી કિર્તી અપાવે એવું જીવન તરાસ્યુ છે. ભક્ત ભગવાનનાં મિલન માટે એણે જાતે સાળુ એટલે કે લગ્ન સમયે પહેરવાનું કન્યાના વસ્ત્રમાં કુંજર એટલે કે હાથીની ભાત પાડી છે, અને કસુંબી રંગ એટલે કે મસ્તીના રંગમાં બોળી છે.

એને ગાને ગુણી ગાંધ્રવ મોહ્યાં, તાંડવ નૃત્યને જાણે રે,<br>જળની ઝારી જુગતે ઝાલી, મારા મંદિરિયામાં માણે રે.

ભક્તિ રુપી નારીનું ગાન સાંભળીને ગંધર્વ મોહ્યાં અને તાંડવ નૃત્ય જાણનાર ભગવાન શંકર પણ મોહિત થયા! જળની ઝારી એટલે કે ભગવાન પર ભક્ત પ્રેમની ધારા કરે છે, અને જગત રુપે જે જગદીશ છે, એને પોતાના મંદિરિયામાં ભક્તનાં ભાવ ઝીલતા જોઈ ધન્યતા અનુભવે છે.

કહીએ છીએ પણ કહ્યું ન માને, એ નારી નહીં ગિરિધારી રે,<br>બ્રહ્મા ઈન્દ્ર શેષ શારદા એના ચરણ તણા અધિકારી રે.

આત્મા પરમાત્માનાં મિલનની એટલે કે સાક્ષાત્કારની ઘડીએ ભક્ત પોતાનાં અસ્તિત્વને ભગવાનમાં જુવે છે, અને કહે છે એ નારી નથી,એ જ ગિરધારી છે! બ્રહ્મા ઈન્દ્ર શેષનાગ અને વિદ્યાની દેવી મા શારદા એનાં ચરણનાં અધિકારી છે.

વાસ કરે વૃન્દાવન માંહે, હમણા ગોકુળથી આવે રે,<br>નરસૈયાના સ્વામીને જોજો, એ તો નયણામાં ને જણાવે રે.

વૃન્દાવનમાં વાસ કરે ! એટલે કે ગોકુળમાં રહેતો હોવા છતાં જ્યાં રાધા રુપે ભક્તિ છે, ત્યાં જ એટલે કે વૃંદાવનમાં એનો વાસ છે! નરસિંહના સ્વામીનાં દર્શન કરીએ તો એની આંખોમાં આવો ભક્ત પ્રત્યેનો ઉત્કૃષ્ટ ભાવ છે, એવું એ જણાવે છે.

નરસિંહ મહેતાને આદિકવિ ઉપરાંત ભક્ત નરસિંહ એ રીતે પણ ઓળખવામાં આવે છે, અને એમની એક એક રચના આપણને વેદ વેદાંતનું જ્ઞાન કે ભક્તિનો મર્મ સમજાવે છે. આ રચનાની વાત કરીએ તો આપણે જોયું એમ ભક્તિનો નિખાર ધીરેધીરે સાક્ષાત્કાર સુધી પહોંચે છે. પરંતુ હજી કંઈક અધૂરું છે! એવું મને લાગે છે! આ ઉપરાંત નરસિંહની રચનામાં કોઈને કોઈ ગૂઢ સંકેત છુપાયેલ હોય છે, તો આ રચનાનું કોઈ મુખ્ય સૂત્રધાર હોય તો એ ચતુરા છે. તો ચતુરા શબ્દનો પ્રયોગ કરીને નરસિંહ કહે છે કે ચતુરધા મુક્તિની ઈચ્છાના ત્યાગ વગર ભક્તિ ફળતી નથી, એટલે કે આન્તર ભક્તિ, અર્થાર્થિ ભક્તિ, જીજ્ઞાસુ ભક્તિ અને જ્ઞાની ભક્તિ, આ ચારેય પ્રકારે ભક્તિ કરીને પણ મુક્તિ ન માંગે, અથવા તો બુદ્ધિનું ચતુરા સ્વરૂપ એટલે કે ચતુરાઈ જે એક ચંચળ નારીનું કામ કરે છે, એને છોડ્યા વગર ભક્તિ ફળતી નથી! હજી આનાથી પણ સુક્ષ્મ દર્શન ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેયનું આચરણ કરે, પણ ફળની આશા રાખે નહીં! કે પછી બાલ્યાવસ્થા, યુવાવસ્થા પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ ચારેય અવસ્થામાં ભગવાનની માયાનો મર્મ સમજી ભક્તિ કરે. ચતુરાનો એક અર્થ માનવ શરીરના અંગોનું વિભાજન ચાર દિશા પ્રમાણે કરી, અને જ્યારે પ્રત્યેક અંગની શક્તિ ભક્તિથી પ્રેરાઈને હરિ ગુણ ગાય ત્યારે ભગવાને પણ ભક્તનાં હ્રદય રુપી વૃન્દાવનમાં વાસ કરવો જ પડે છે. આમ સ્વેચ્છાએ કે પ્રેમનાં અનુબંધથી સ્વામીએ દાસનું દાસત્વ સ્વીકારવું પડે છે. પણ આપણે રહ્યાં સંસારી એટલે વિષય ભોગી જીવ માટે જ વિચારવું પડશે. ભગવત ગીતા મુજબ વિષ્ણુનું ખુદનું એક રુપ માયા છે, અને એ રીતે જોઈએ તો, વિષ્ણુનાં ચતુરા સ્વરૂપ રુપી નારી એટલે કે માયા ના ચાળાથી કોઈ બચ્યું નથી! અને આમ જુવો તો માયાની જ આ બલિહારી છે કે, માનવી ખુદનાં જન્મનું કારણ ભૂલતો જાય છે. નરસિંહની રચના જન્મોજન્મના આવરણ દૂર કરીએ તોય એના અર્થ ન ખૂટે એવી અભેદ હોય છે, અને એનો સાર સ્વયં નરસિંહ કે એનાં સ્વામીની કૃપા વગર સમજી શકાતો નથી. તો માનવીય જીવનને ઉત્કૃષ્ટ બનાવવા એની રચનાનાં મૂળ સારને એટલે માયામાં ફસાયા વગર એની ભક્તિ રુપી નારી બની આપણાં હ્રદય કુંજ ને વૃંદાવન બનાવીએ કે જેથી કરીને રાધાનો નટખટ નંદલાલ ગિરધારી એમાં વાસ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### ઓનલાઇન છેતરપીંડીના અનેકાનેક કિસ્સાઓમાં વધુ એક નવો ઉમેરાયો

# ક્રિપ્ટોમાં કમાઈ લેવાની લાલચમાં ગુમાવ્યા સવા તેર લાખ

## બીજી તરફ બનાવટી કંપનીના નામે પંદર હજાર આપી બેંક-ખાતાની કીટથી ફ્રોડ આચરવાનું કારસ્તાન ખુલ્યુંઃ ગઠીયાગીરીનો પર્દાફાશ

રાજકોટઃ શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં ઓનલાઈન રોકાણના નામે સતત ઠગાઇ થાય છે. આવા બનાવો એક ભુલો ત્યાં બીજા બે ચાર સામે આવી જાય છે. વધુ એક કિસ્સામાં યુવાન સાથે ક્રિપ્ટોના નામે તેર લાખ બાર હજારની ઠગાઇ થઇ છે. બીજા બનાવમાં બનાવટી કંપનીના નામે પંદર હજાર આપી બેંક-ખાતાની કીટથી ફ્રોડ આચરવાનું કારસ્તાન ખુલતાં પોલીસે એકને પકડ્યો છે. આ શખ્સ પાસેથી ત્રેવીસ પાસ બૂક, છવ્વીસ ડેબીટ કાર્ડ સહિતની ચીજવસ્તુ કબ્જે થઇ છે. ઓછા ભણેલા ગામડાના લોકોને આ શખ્સ શિકાર બનાવતો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો કામરેજમાં રહેતા એક યુવક સાથે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે ૧૩,૧૨,૪૪૦ રૂપિયાની છેતરપિંડી થઈ છે. મધ્યપ્રદેશના એક ઠગે બમણા નફાની લાલચ આપી યુવક પાસેથી આ રકમ પડાવી લીધી હતી. આ મામલે કામરેજ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. તેત્રીસ વર્ષીય પ્રેમજીતસિંહ બલભદ્રસિંહ પુવાર મુળ અરવલ્લી જિલ્લાના મોડાસાના વતની છે અને હાલ કામરેજના શાંતિકુંજ બંગ્લોઝમાં ભાડેથી રહી નોકરી કરે છે. તેમનો સંપર્ક મોબાઈલ અને ઈન્ટરનેટ દ્વારા મધ્ય-દેશના ભોપાલ ખાતે રહેતા રીતેશ ભગવાનદાસ ગુપ્તા સાથે થયો હતો.

આ પછી આરોપી રીતેશ ગુપ્તાએ પ્રજીતસિંહને ક્રિપ્ટો કરન્સીમાં નાણાં રોકવા અને ઓછા સમયમાં જંગી નફો કમાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. રીતેશ ગુપ્તાએ પ્રેમજીતસિંહ પાસેથી બેંક ટ્રાન્સફર, ફોન-પે, ગુગલ-પે અને રોકડ દ્વારા ટુકડે ટુકડે કુલ ૧૩,૧૨,૪૪૦ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે પ્રમજીતસિંહે પોતાના રોકેલા પૈસા અને વળતરની માંગણી કરી, ત્યારે આરોપીએ ગલ્લાંતલ્લાં કરવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી પૈસા કે વળતર પરત ન મળતા, પ્રમજીતસિંહને પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થયો. આખરે તેમણે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



કામરેજ પોલીસફરિયાદના આધારે ભોપાલ, મધ્યપ્રદેશના અર્જન નગર ખાતે રહેતા રીતેશ ભગવાનદાસ ગુપ્તા સામે એફઆઈઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઈએ તો વડોદરા પોલીસે સાયબર ફ્રોડ અને ગેમિંગના ગેરકાયદેસર વ્યવહારોમાં સંડોવાયેલા એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં મુખ્ય આરોપી એજાજ ફિરોઝમિયા અરબની ધરપકડ કરવામાં આવી છે, જેણે બનાવટી કંપનીના નામે અનેક બેંક ખાતાઓ મેળવીને તેનો દુરુપયોગ કર્યો હતો. પોલીસને તેની પાસેથી મોટી માત્રામાં બેંકિંગ સામગ્રી મળી આવી છે, જેમાં ૨૩ પાસબુક, ૨૬ ડેબિટ કાર્ડ અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. જે. પી. રોડ પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી એજાજ અરબ પાસે કોઈ પોતાની વાસ્તવિક કંપની નહોતી, છતાં તેણે પોતાને ँઅધી એસ બેગँ નામની ફર્મના માલિક તરીકેની ખોટી ઓળખ ભી કરી હતી.

તેણે આ માટે એક રબર સ્ટેમ્પ તૈયાર કરાવ્યો હતો અને ભારત સરકારના ઉદ્યમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવીને બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. આરોપીએ છેલ્લા એક વર્ષથી અનીશ કાની સાથે ઈન્ટરનેટ, એપ્લિકેશન્સ, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ કોલ્સ દ્વારા સંપર્કમાં રહીને આ કૌભાંડને અંજામ આપ્યો હતો. તેણે વડોદરા શહેર અને આસપાસના ગામડાઓમાં ઓછા શિક્ષિત લોકોને લલચાવીને બેંક ખાતા ખોલાવ્યા હતા. તેમને વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો કે, તેમના ખાતામાં માત્ર ટ્રેડિંગના નાણાં જ વ્યવહાર કરવામાં આવશે. બદલામાં, તેમને ૫,૦૦૦થી ૧૫,૦૦૦ રૂપિયા આપીને ખાતાની કીટ સિમ કાર્ડ સહિત મેળવી લેવામાં આવી હતી.

આ કામમાં તેના સાથીઓ નાહીદ બંજારા, અજહર લાકડાવાલા અને ફરહાન પટેલ પણ સંડોવાયેલા હતા. આ ત્રણેય અન્ય વ્યક્તિઓ પાસેથી બેંક ખાતાઓ મેળવીને તેમને થોડા પૈસા આપતા હતા અને પછી તે કીટો એજાજ અરબને સોંપી દેતા હતા. આરોપીઓએ આ ખાતાઓની કીટો અલગ-અલગ જગ્યાએ કુરિયર દ્વારા અનીશ કાનીને મોકલી આપી હતી. આ ખાતાંઓમાં સાયબર ફ્રોડ અને ગેમિંગના ગેરકાયદેસર વ્યવહારો કરવામાં આવ્યા હતા. પોલીસે અલગ-અલગ બેંકોની ૨૩ પાસબુક, ૨૬ ડેબિટ કાર્ડ, ૧૦ ચેકબુક, પાંચ સિમ કાર્ડ, બેંક સંબંધિત લખાણવાળી બે ડાયરી અને બે નોટબુક કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### અગાઉ પણ બની ચુકી છે આવી ઘટનાઓઃ વધુ એક કિસ્સામાં પોલીસની કાર્યવાહી

# બેંકનું ATM તોડવાનો પ્રયાસઃ યુપીનો ચોર પકડાયો

## ઢેબર રોડ પર ડી.સી.બી. બેંકના એટીએમમાં બનાવઃ બે સાગરીતોને શોધવા પોલીસની દોડધામઃ બસ સ્ટેશનમાં વધુ એક મુસાફરનો ચોરાઇ ગયો બેતાલીસ હજારનો મોબાઈલ ફોન

રાજકોટઃ શહેરમાં અનેક વખત ચોર ગઠીયાઓ અલગ અલગ એટીએમાં ચોરી કે ફ્રોડનો પ્રયાસ કરતાં પકડાઇ ગયા છે. વધુ એક આવો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો હતો. ઢેબર રોડ પર આવેલી ડી.સી.બી. બેંકના એટીએમમાં ત્રાટકેલા ત્રણ શખ્સોએ મશીન સાથે છેડછાડ કરી મોટી રકમની ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે બેન્કની સેન્ટ્રલ ઓફિસની સતર્કતા અને પોલીસની ત્વરિત કાર્યવાહીને કારણે ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. પોલીસે ઉત્તરપ્રદેશના એક શખ્સને પકડી લઇ તેની સાથેના બે સાગરીતોને શોધવા દોડધામ આદરી હતી. તપાસમાં વધુ ભેદ ખુલવાની શક્યતા છે.

વિગતો જોઇએ તો ભક્તિનગર પોલીસે આ બનાવમાં રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ પર શ્રીરામ પાર્ક-૩માં રહેતાં અને ઢેબર રોડ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ રોડ પર આવેલી ડી.સી.બી. બેંકમાં બ્રાંચ ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવતાં નિકુંજભાઇ દર્શકભાઇ જોષીની ફરિયાદ પરથી ગુનો નોંધી મુળ યુપીના ઓગણીસ વર્ષના અભિનવ શ્રીરામનરેશ પાસવાનને પકડી લીધો હતો. તેની સાથેના બે શખ્સની શોધખોળ હાથ ધરી છે. આ ત્રણેયએ મળી ઢેબર રોડ પર ડી.સી.બી. બેંકના એટીએમમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. નિકુંજભાઈ જોશીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત છવ્વીસમી જાન્યુઆરીની સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

બેંકના બ્રાન્ચ મેનેજર હર્ષિલ તન્નાને સેન્ટ્રલ ઓફિસથી જાણ કરવામાં આવી હતી કે, ઢેબર રોડ પર કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પાસે આવેલા એટીએમમાં કેટલાક શખ્સો શંકાસ્પદ હાલતમાં જોવા મળી રહ્યા છે. આથી બેંક અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચતા એટીએમ મશીનનું શટર ખુલ્લું જોવા મળ્યું હતું અને જ્યાંથી કેશ બહાર નીકળે ત્યાં સેલોટેપ મારેલી જોવા મળી હતી. સેન્ટ્રલ ઓફિસના સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું કે એક શખ્સ એટીએમની બહાર વોચમાં ઉભો હતોઅને બે શખ્સો અંદર પ્રવેશી મશીન સાથે છેડછાડ કરી રહ્યા હતાં. આથી તાકીદે પોલીસને જાણ કરવામાં આવતા ભક્તિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.




પોલીસે ફૂટેજના આધારે આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરતા ફૂટેજમાં દેખાતા બે શખ્સો પૈકી એક આરોપી મળી આવ્યો હતો. તેનું નામ અભિનવ શ્રીરામનરેશ પાસવાન હોવાનું ખુલ્યું હતું. તેને સકંજામાં લઇ બાકીના બેની શોધખોળ હાથ ધરી છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શનમાં એએસઆઇ અશ્વીનભાઈએ એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.ચોરીની બીજી ઘટનામાં બસ સ્ટેશનમાંથી વધુ એક વખત મોબાઈલ ફોન ચોરાયો હતો. બસમાં ચડતી વખતે સર્જાયેલી ભીડનો લાભ ઉઠાવી અજાણ્યો શખ્સ એક મુસાફરના ખિસ્સામાંથી આશરે રૂપિયા ૪૨,૦૦૦ની કિંમતનો સેમસંગ મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ફરિયાદી હિંમાંશુભાઈ અશોકભાઈ દેસાઈ કે જેઓ જ્યોતીર્દીપ એપાર્ટમેન્ટ, જગન્નાથ પ્લોટમાં રહે છે તેના દ્વારા નોંધાવવામાં આવેલી વિગતો મુજબ, આ ઘટના ૨૫મીએ સવારે બની હતી. હિંમાંશુભાઈ ઢેબર રોડ પર આવેલા એસ.ટી. બસ સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧૫ ઉપર જામનગર-પાલીતાણા જતી બસમાં ચડવા જઈ રહ્યા હતા. આ સમયે બસમાં ચડવા માટે મુસાફરોની ભારે ભીડ જામી હતી. આ ભીડનો ગેરલાભ ઉઠાવી કોઈ અજાણ્યા તસ્કરે તેમના જેકેટના ખિસ્સામાં રાખેલો મોબાઇલ સેરવી લીધો હતો.

એ-ડિવીઝન પોલીસ સ્ટેશન દ્વારા આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસની જવાબદારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર ધર્મેશભાઈ યોગેશભાઈ મહંતને સોંપવામાં આવી છે. જાહેર સ્થળો અને ખાસ કરીને બસ કે ટ્રેનમાં ચડતી વખતે કિંમતી સામાન અને મોબાઈલ ફોન પ્રત્યે વિશેષ સાવધાની રાખવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભત્રીજો પાડોશીની દિકરીને ભગાડી જતાં કાકાને પડ્યા ધોકા

## ગંજીવાડાના પ્રૌઢ પર સાત જણા તૂટી પડતાં દવાખાનાના ખાટલે પહોંચવું પડ્યુંઃ થોરાળા પોલીસે દાખલ કરી એફઆઈઆર



રાજકોટઃ મારામારીની વધુ એક ઘટના બની છે. જેમાં મોટા ભાઇનો દિકરો પાડોશીની દિકરીને ભગાડી જતાં દાઝ રાખી ગંજીવાડામાં રહેતાં અને ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં પ્રૌઢ ઉપર સાત પાડોશીઓએ એકસંપ કરી હુમલો કરી ધોકાવાળી કરી ઢીકાપાટા પણ મારતાં હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો થોરાળા પોલીસે ગંજીવાડા શેરી નં. ૪૩ બંધ શેરીમાં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં અરવિંદભાઇ શામદાસભાઇ ગોંડલીયા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢ હુમલામાં ઘાયલ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં તેમની ફરિયાદ પરથી થોરાળા પોલીસે તેમના પાડોશમાં રહેતાં ચેતન રાજુભાઇ મકવાણા, રાહુલ રાજુભાઇ મકવાણા, ભગીરથ ઉર્ફ ભગો જગદીશભાઇ મકવાણા, આકાશ જીતુભાઇ મકવાણા, જગદીશ સવજીભાઇ મકવાણા, સોનલબેન જીતુભાઇ મકવાણા અને પ્રિયાબેન જગદીશભાઇ મકવાણા વિરૂધ્ધ રાયોટીંગ, હુમલાનો ગુનો નોંધ્યો હતો. અરવિંદભાઇએ જણાવ્યુ હતુ કે હું પરિવાર સાથે રહુ છું. અમે ત્રણ ભાઇઓ અને એક બહેન છીએ. જેમાં બહેન મોટા છે.

તેમણે વધુમાં કહ્યુ કે હુ મારા પત્નિ શોભનાબેન, બે દિકરા સાથે રહુ છું. મારા મોટાભાઇનો દિકરો પાંચ દિવસ પહેલા પાડોશીની દિકરીને ભગાડી ગયો છે. આ કારણે મંગળવારે સાંજે આઠેક વાગ્યે હુ ઘરે હતો ત્યારે શેરીમાં રહેતાં જગદીશભાઇ, તેના સંબંધીઓ ચેતન, રાહુલ, સહિતના શેરીમાં જેમ ફાવે તેમ બોલતાં હોઇ હું તેઓને આવુ બોલવાની ના પાડવા જતાં ઉશ્કેરાઇ ગયા હતાં અને મને વધુ ગાળો દઇ ધોકાથી હુમલો કરી માર મારવા માંડ્યા હતાં. દેકારો થતાં ભગીરથ ઉર્ફે ભગો, આકાશ પણ ધોકો લઇને આવ્યા હતાં અને મને આડેધડ મારતાં પડી ગયો હતો. બાદમાં જગદીશ મકવાણા પણ દોડી આવ્યો હતો અને હું નીચે પડેલો હોઉ મારા બંને પગ તેણે પકડી રાખી તેના દિકરા ભગીરથને મને મારવાનું કહેતાં તેણે ધોકા ફટકાર્યા હતાં.

ત્યારપછી સોનલબેન, પ્રિયાબેન પણ આવી ગયા હતાં અને મને ઢીકાપાટુનો માર માર્યો હતો. લોકો ભેગા થઇ જતાં અને મારા ઘરના સભ્યો પણ આવી જતાં આ બધા ભાગી ગયા હતાં.

બાદમાં મેં પોલીસને અને ૧૦૮ને જાણ કરતાં સારવાર માટે લઇ જવાયો હતો. અરવિંદભાઇએ વધુમાં જણાવ્યું હતું કે મારા ભાઇનો દિકરો પાડોશી જગદીશભાઇની દિકરીને ભગાડી ગયો હોઇ તે વાતનો ખાર રાખી આ બધાએ ગાળો દઇ ધોકાથી માર માર્યો હતો અને ઢીકાપાટુ પણ માર્યા હતાં.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. નિલેષભાઇ ડામોરે ગુનો દાખલ કરી વધુત પાસ હાથ ધરી હતી.

### અઢાર દિવસ પહેલા પોતાનું ગુપ્તાંગ ત્રોફામાં ફસાતાં ન કહેવાય ન સહેવાયની હાલતમાં મુકાયો હતો

# સાળાએ આપઘાત કરતાં બનેવીએ લાશ દફનાવી દીધી!

## ગોંડલની ચોંકાવનારી ઘટનાઃ યુવાનને હોસ્પિટલમાંથી રજા અપાયા પછી તે બહેન-બનેવી સાથે રહેતો હતોઃ બહેનની ગેરહાજરીમાં ગળાફાંસો ખાતાં બનેવીએ લાશ દાટી દીધીઃ તેણે રટણ કર્યુ-મારી પત્નિને આઘાત ન લાગે એટલે મેં બારોબાર અંતિમવિધી કરી હતીઃ પોલીસને શંકા ઉપજતાં મૃતદેહનું કરાવ્યું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ

રાજકોટઃ જીલ્લાના ગોંડલ શહેરમાં એક ચકચારી ઘટના સામે આવી છે. જેમાં પખવાડીયા અગાઉ પોતાનું ગુપ્તાંગ લીલા નાળીયેર-ત્રોફામાં ફસાઇ જતાં ન કહેવાય ન સહેવાય જેવી સ્થિતિમાં મુકાઇ ગયેલા યુવાનને લોહીલુહાણ હાલતમાં રાજકોટ અને બાદમાં અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ યુવાનને હોસ્પિટલથી રજા અપાયા બાદ તે ગોંડલમાં બહેન-બનેવી સાથે રહેતો હોઇ અહિ તેનું મોત થયા બાદ તેના બનેવીએ તેની લાશ બારોબાર દફન કરી દીધી હતી! પોતાના ભાઇને શોધી રહેલી બહેને બે દિવસ સુધી પતિને આ વિશે પુછ્યા બાદ પોલીસમાં જવાની વાત કરતાં પતિએ તેણીને કહ્યુ હતું કે તારી ગેરહાજરીમાં તારા ભાઇએ આપઘાત કરી લીધો હતો, તેણે ગળાફાંસો ખાઇ લીધો હતો. તને આ વાતનું દુઃખ ન થાય એ માટે થઇ મેં તને જાણ ન કરી તેની લાશ આપણા ઘર પાછળ ખાડો કરી દાટી દીધી છે! પોલીસે આ લાશ બહાર કઢાવી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી.

વિગતો પર નરજ કરીએ તો બનેવીએ પોતાની સાથે રહેતાં અઢાર વર્ષના સાળાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પોતાની પત્નિને આ વાતની જાણ થશે તો ખુબ આઘાત લાગશે એવું લાગતાં લાશને પોતે જ્યાં રહે છે તે છાપરાની પાછળના ભાગે અવાવરૂ મેદાનમાં ખાડો ખોદી દાટી દેતાં પોલીસને ઘટનાની જાણ થતાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વધુ માહિતી જોઇએ તો ગોંડલમાં કોટડા સાંગાણી રોડ પર છાપરૂ વાળીને પરિવાર સાથે રહેતી શિલ્પાબેન નામની પરિણીતા ગઇકાલે ગોંડલ બી-ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચીને પોલીસને કહ્યું હતુ કે-મારા અઢાર વર્ષના ભાઇ અજયનું મોત થયા બાદ મારા પતિ ભાવેશે મને આ વાતથી અજાણ રાખી મારા ભાઇની લાશ અમે રહીએ છીએ એ છાપરાની પાછળના ભાગે દાટી દીધી છે, તેવું મારા પતિએ જ મને કહ્યું છે!

મહિલાની આ વાતથી પોલીસ ચોંકી ગઇ હતી. પોલીસે તુરત જ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે શિલ્પાબેનના પતિ ભાવેશભાઇની પુછતાછ કરતાં તેણે કબુલ્યું હતું કે-મારા સાળાનું ગુપ્તાંગ ગત ૧૨મી તારીખે વહેલી સવારે લીલા નાળીયેરમાં ફસાઇ જવાને કારણે તેને ગંભીર ઇજા થઇ હતી. આ પછી તેને



અમે ગોંડલ અને બાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઇ ગયા હતાં. અમદાવાદ સારવાર બાદ ગત ૨૨મીએ મારા સાળાને રજા અપાઇ હતી. એ પછી તે ગોંડલમાં અમારી સાથે જ રહેતો હતો.

જો કે આ ઘટના પછી તે સતત ગુમસુમ રહેતો હતો. મારી સાથે મારા પત્નિ, સાસુ શારદાબેન, બે સંતાન સહિતના પણ રહે છે. દરમિયાન ૨૫મીએ મારા સાસુ ગુમ થઇ જતાં મારી પત્નિ તેને શોધવા અને પોલીસને જાણ કરવા માટે ઘરેથી નીકળી હતી. આ દરમિયાન જ ગુમસુમ રહેતાં મારા સાળાએ છાપરામાં આડી સાથે સાડી બાંધીને ગળાફાંસો ખાઇ લીધો હતો. આ વાતની જાણ જો મારા પત્નિને થશે તો તે આઘાતમાં ગરક થઇ જશે અને દુઃખી થશે તેમ મને લાગતાં મેં અમારા છાપરાની પાછળના ભાગે જ અવાવરૂ જેવુ મેદાન હોઇ ત્યાં ખાડો ખોદીને સાળાની લાશ દાટી દીધી હતી.

ત્યારપછી જ્યારે પત્નિ ઘરે આવી ત્યારે તેણે તેના ભાઇ વિશે પુછતાં મેં તેણીને તારો ભાઇ અહિંથી જતો રહ્યો છે તેવી વાત કરી દીધી હતી. જો કે તેની તબીયત સારી ન હોઇ છતાં તે ઘરેથી નીકળી ગયો તે વાત મારી પત્નિને ગળે ઉતરતી ન હોઇ તે સતત મને તેના ભાઇ વિશે પુછતી હતી અને ગઇકાલે મંગળવારે તેણીએ હવે પોતે પોલીસ પાસે જાય છે તેમ કહેતાં અંતે મેં તેને સાચી વાત કરી હતી કે તારા ભાઇએ આપઘાત કરી લીધો હતો અને તને વધુ દુઃખ ન થાય એ માટે મેં લાશને દાટી દીધી છે.

બનેવી ભાવેશની આ કબુલાત બાદ ગોંડલ પોલીસે દાટી દેવાયેલી અઢાર વર્ષના અજય પરમારની લાશ બહાર કઢાવી હતી અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડી હતી. પોલીસને શંકા હતી કે ખરેખર અજયએ આપઘાત કર્યા બાદ તેના બનેવી ભાવેશે પત્નિ દુઃખી ન થાય એ માટે લાશ દાટી દીધી કે પછી અજય સાથે અન્ય કંઇ બન્યું? હાલ પોલીસે ભાવેશની વિશેષ પુછતાછ યથાવત રાખી છે. આ બનાવે ગોંડલમાં ચકચાર જગાવી દીધી છે. મૃત્યુ પામનાર અજય બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો અને છુટક મજૂરી કરતો હતો. આ ઘટનાએ સમગ્ર ગોંડલ પંથક અને રાજકોટ જીલ્લામાં ચકચાર જગાવી દીધી હતી.

### અમરેલીના ગ્રામ્ય પંથકમાં ઉતરી પડી છે ગઠીયા ગેંગઃ વૃધ્ધો-મહિલાઓને બનાવે છે શિકાર

# બિમારી દુર કરવાની વિધીના નામે ત્રણ ગામોમાં ઠગાઇ

## વૃધ્ધ, મહિલાઓ એકલા હતાં તેવા ઘરોએ પહોંચી પહેલા પીવાનું પાણી માંગ્યું પછી વાતોમાં ભોળવી વિધીના નામે દાગીના-રોકડ ઉસેડી ગયા

રાજકોટઃ ગઠીયાગીરીની ઘટનાઓ રોજબરોજ નવી નવી સામે આવે છે. ઓનલાઇન તો ઠીક હવે તો ઘરે ઘરે ફરીને ગઠીયા કહેવાતી વિધીના નામે બિમારી, ચિંતા દૂર કરવાના નામે લોકોને છેતરી રહ્યા છે. અમરેલી પંથકના ગામોમાં આવી લાગલગાટ ત્રણ ઘટના બની છે. જેમાં મહિલાઓ, વૃધ્ધોના ઘરે જઇ પહેલા પીવાનું પાણી માંગી પછી તમારા ઘરમાં દુઃખ બિમારી છે, તકલીફો દુર થઇ જશે વિધી કરવી પડશે તેમ કહી વિધીના નામે સોનાના દાગીના રોકડ ઉસેડી ગયા હતાં. આવા ત્રણ કિસ્સામાં ઠગ ટોળકીને પોલીસ શોધી રહી છે.

વિગતો જોઇએ તો ઠગાઇના અન્ય એ કબનાવમાં અમરેલી જિલ્લામાં દુખિયારા પરિવારને ગોતી તેમના પરિવારની ચિંતા થતા બિમારી દૂર કરવાની લાલચ આપી તાંત્રીક વિધી કરવાના બહાને દાગીના ઓળવી લેતી ગેંગે જુદા જુદા ત્રણ પરિવારોને નીચાન બનાવ્યા છે. જેને પગલે આ બારામાં આજે જુદી જુદી ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ ઠગ ગેંગ પરિવારના દાગીના કપડામાં મુકાવી ગુમ કરી દેતા હતા. બગસરા તાલુકાના પીઠડીયા ગામે બની હતી. અહીં મેઘાપરા વિસ્તારમાં રહેતા અરવિંદભાઈ મોહનભાઈ પીપળીયા નામના પાંસઠ વર્ષના વૃદ્ધ ઠગાઈનો શિકાર બન્યા હતા.

તેઓ બપોરના સમયે પોતાના ઘરે હતા. ત્યારે ત્રણ અજાણ્યા શખ્સો મોટરસાયકલ લઈ તેમના ઘરે આવ્યા હતા અને પીવાનું પાણી માંગ્યું હતું અને બાદમાં તમે બહુ ચિંતામાં છો તમને દુંખ દર્દ છે. પરંતુ બધુ સારૂ થઈ જશે. તેમ કહી તાંત્રિક વીધી કરવાનું કહ્યું હતું. તેમની વાતમાં આવી અરવિંદભાઈ પીપળીયા તાંત્રિક વીધી કરાવવા તૈયાર થયા હતા.



જેથી ગઠીયાઓએ તેમના પત્નિએ કાનમાં પહેરેલી ૬ ગ્રામ વજનની સોનાની બે બુટી એક કપડામાં મુકાવી હતી અને વીધી કરવાના બહાને સોની બંને બુટી ગુમ કરી છેતરપીંડી કરી હતી.

બીજી ઘટના વડીયા તાલુકાના અરજણસુખ ગામે બની હતી. જ્યા શોભનાબેન અરવિંદભાઈ વસોયા નામના બાવન વર્ષના મહિલા વાડીએ કામ કરતા હતા. ત્યારે બાઈક પર જઈ બે શખ્સોએ પીવાનું પાણી માંગ્યું હતું અને તમે બહુ ચિંતામાં છો દિકરો બીમાર રહે છે. પણ સારા વાના થઈ જશે. તેમ કહી તાંત્રિક વીધીના બહાને સોનાની ૧૨ ગ્રામ વજનની બે કડી એક કપડામાં મુકાવી ગુમ કરી દીધી હતી. ત્રીજી ઘટના વડીયા તાલુકાના જુના બાદલપુર ગામના જયંતિભાઈ ભીમજીભાઈ રૈયાણી નામના સડસઠ વર્ષના વૃદ્ધ ઘરે એકલા હતા. ત્યારે બે શખ્સોએ ત્યા આવી તમારો દિકરો બીમાર રહે છે. બધા સારાવાના થઈ જશે. તેમ કહી વીધી કરવાના બહાને તેમની પત્નિની ૭ ગ્રામ વજનની સોનાની બે બુટી વીધીના બહાને એક કપડામાં મુકાવી ગુમ કરી દીધી હતી. આ ત્રણેય ઘટના અંગે વડીયા અને બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગઠીયાઓ દરેક સ્થળે મોટરસાયકલ લઈને જતા હતા. ત્રણેય સ્થળે મોટર સાયકલ પર જઈ સૌ પ્રથમ પીવાનું પાણી માંગતા હતા અને બાદમાં પોતાની વાતોમાં ભોળવતા હતા. ગઠીયાઓએ એવા પરિવારને પસંદ કર્યા હતા. જેના પરિવારમાં કોઈને કોઈ બીમારી રહેતી હોય અને પરિવાર ચિંતામાં રહેતો હોય ચિંતા અને બીમારી દુર કરવાના બહાને ત્રણેય પરિવારને શીશામાં ઉતાર્યા હતા. આગઠીયાઓને પોલીસ શોધી રહી છે.

### પવિત્ર સ્નાન કર્યા વિના ભારે હૈયે

# પ્રયાગરાજ માઘ મેળાના સ્થળેથી રવાના થયા શંકરાચાર્ય અવિ મુક્તેશ્વર આનંદ

શંકરાચાર્યજીએ ૧૦ દિવસ સુધી ધરણા અને વિરોધ કર્યા બાદ પ્રયાગરાજ થી બુધવારે ૨૮ જાન્યુઆરીના રોજ વિદાય લઈ લીધી અને પવિત્ર સ્નાન કર્યા વગર જ તેમણે યોગી સરકાર માટે એક એક સખત અને કડક સંદેશા સાથે એ સ્થળ છોડી જવાનું નક્કી કર્યું

પ્રયાગરાજઃ સંગમ ની ધરતી પર યોજાયેલા વાર્ષિક માઘ મેળામાં દસ દિવસથી પોતાનું આંદોલન અને વિરોધ પ્રદર્શન તથા ધારણા કરી રહેલા સ્વામી શંકરાચાર્યજીએ ધરણા પૂરા કરીને પવિત્ર સ્નાન કર્યા વિના ભારે હૈયે પવિત્ર સ્થળેથી વિદાય લીધી હતી. જ્યોતિષ પીઠ ના શંકરાચાર્ય સ્વામી અવિ મુક્તેશ્વર આનંદજીએ પોતાના ઉપવાસ અને ધરણા નો અંત લાવવાનું નક્કી કરીને પ્રયાગરાજ થી વિદાય લેવાનું નક્કી કર્યું હતું. પરંતુ એમને એમની લડતમાં વિજય મળ્યો એટલે વિદાય લીધી નથી પરંતુ વહીવટી તંત્ર પ્રત્ય ખૂબ જ ઊંડા અસંતોષ અને અનેક ગંભીર સવાલો સાથે એમણે માઘ મેળા સ્થળ પરથી ભારે હૈયે વિદાય લીધી છે અને હિન્દુત્વના રાજકારણ અને સનાતન ધર્મના ઇતિહાસમાં એક અનોખી રીતે આ ઘટના આલેખાઈ ગઈ છે.

પહેલી વખત ઈતિહાસમાં એવું બન્યું છે કે એક શંકરાચાર્યને પવિત્ર સ્નાન કરવા દેવાયું નથી અને સ્નાન વગર જ અમને નીકળી જવું પડ્યું છે.

૧૮ જાન્યુઆરી મૌની અમાવસ્યા ના દિવસે મુખ્ય સ્નાન માટેના પવિત્ર દિવસથી વિવાદ શરૂ થયો હતો અને પરાકાષ્ઠાએ પહોંચી ગયો હતો જ્યારે સ્વામી આવી મુક્તેશ્વર આનંદ શંકરાચાર્યજીએ ગંગામાં પવિત્ર સ્નાન વગર જ મેળાથી રવાના થવાનો નિર્ણય જાહેર કર્યો હતો. એમણે મેળામાં પોતાની શિબિરની બહાર ઊભા રહીને એમના સમર્થકો અને મીડિયા સાથે વાતચીત કરતા સંબોધન કર્યું હતું કે અમે સ્નાન કર્યા વગર જ પાછા જઈ રહ્યા છીએ અને અહીંથી વિદાય લઈ રહ્યા છીએ. ન્યાયની કસોટીનો કદી પણ અંત આવતો નથી. આજે અમે અહીં થી જઈ તો રહ્યા છીએ પરંતુ અમે અમારી પાછળ સત્યની ગુંજ અને કેટલાક પ્રશ્નો છોડીને જઈ રહ્યા છીએ.

ગત ૧૮મી જાન્યુઆરીના રોજ વિવાદ શરૂ થયો હતો જ્યારે સ્વામીજી પોતાની પાલખી અને સમર્થકો સાથે ગંગા સ્નાન કરવા જઈ રહ્યા હતા પરંતુ ભીડ એક થી થવાના ડર અને કારણ બતાવી દે મેળાના પ્રશાસન દ્વારા એમને પાલખી પર જવા દેવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો અને પગે ચાલીને જવાનું એમને અનુરોધ કર્યો હતો.

# અજીત પવારની આજે અંતિમયાત્રા, મોદી-શાહ હાજરી આપે તેવી શક્યતા

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી જૂથના વડા અજીત પવાર ના અંતિમ સંસ્કાર ગુરુવારે બારમતીમાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે તેમ જાહેર થયું છે. બારામતી એમનો જુનો ગઢ અને વિસ્તાર રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ અંતિમયાત્રામાં હાજરી આપે તેવી શક્યતા છે. ગુરુવારે સવારે ૧૧ વાગ્યે વિદ્યા પ્રતિષ્ઠાન મેદાન પર અજીત પવારની અંતિમ વિધિ કરવામાં આવશે અને તમામ રાજકીય પક્ષોના આગેવાનો પણ ઉપસ્થિત રહેશે તેવું એનસીપીની યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે.

બુધવારે સવારે ગાઢ ધુમ્મસમાં અજીત પવારનું ખાનગી જેટ વિમાન તૂટી પડ્યું હતું અને આ ઘટના અંગે નિષ્ણાતો એવું કહે છે કે ઉતરાણ માટેના યોગ્ય અને આધુનિક સાધનો જો રન્વે પર મોજુદ હોત તો આ હોનારત નિવારી શકાય હોત.

### ઉદ્ધવ ઠાકરે શોક વ્યક્ત કર્યો

શિવસેના ના વડા ઉદ્ધવ ઠાકરે કહ્યું હતું કે અજીત સવારે ભલે રાજકીય રીતે અલગ માર્ગ પસંદ કર્યો હતો પરંતુ એમણે કદી પણ સંબંધો તોડ્યા નહોતા. તેમણે કહ્યું હતું કે અજીત કુમારના અવસાન થી મેં એક ખૂબ જ સીધા સાદા નેતા ગુમાવ્યા છે અને એક સર્વોત્તમ પૂર્વ કેબિનેટ સાથે ગુમાવી દીધા છે. નાણામંત્રી તરીકે અજીત પવાર ની કામગીરી અત્યંત શિસ્તથી ભરપૂર હતી અને પોતાના વિભાગ ઉપર એ મજબૂત પકડ ધરાવતા નેતા હતા.

### વિમાન હોનારતને અકસ્માત ગણાવતા શરદ પવાર, કાવતરાની શક્યતા નકારી કાઢી



મુંબઈઃ એનસીપીના સર્વે સરવા શરદ પવારે એમના ભત્રીજા અજીત પવારના વિમાનની દુર્ઘટના ને અકસ્માત જ ગણાવી હતી અને કાવતરાની શક્યતા નકારી કાઢી હતી. બારામતીબા બુધવારે સવારે થયેલા અકસ્માતમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારનું વિમાન હોનારતમાં મૃત્યુ થયું હતું. મમતા બેનર્જી સહિતના સંખ્યાબંધ વિપક્ષી આગેવાનો અને કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે એ પણ આ ઘટનાને શંકાસ્પદ ગણાવી હતી અને ઊંડી તપાસ કરી બહાર સત્ય બહાર લાવવાની માગણી કરી હતી.

આ ઘટના ઉપર પ્રતિક્રિયા આપતા શરદ પવારે કહ્યું હતું કે વિમાન ન આ દુર્ઘટના અકસ્માત જ હોય એવું દેખાય છે અને કોઈ રાજકીય કાવતરા નો રંગ તેને આપવો જોઈએ નહીં. એ માત્ર અકસ્માત થતો તેમાં કોઈ રાજકારણ નથી.

# એઈમ્સનો તબિબી વિદ્યાર્થી ભેદી રીતે લાપત્તા

## વહેલી સવારે હોસ્ટેલના રૂમમાંથી ગાયબઃ મુળ રાજસ્થાનનો વતનીઃ ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરવામાં આવતાં તપાસનો ધમધમાટ

રાજકોટઃ શ જામનગર રોડ પર આવેલી એઈમ્સ હોસ્પિટલમાં ફરજ બજાવતાં અને ત્યાંની હોસ્ટેલમાં રહેતાં તબિબી છાત્ર વહેલી સવારે હોસ્ટેલના રૂમમાંથી નીકળ્યા બાદ ગાયબ થઈ જતાં તબિબી છાત્રોમાં અને એઈમ્સ હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી ગઇ હતી. તંત્રવાહકોએ ઘરમેળે શોધખોળ કર્યા બાદ આ બનાવની જાણ પોલીસને કરતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર એઇમ્સ હોસ્પિટલ ખાતે આવેલી બોયઝ હોસ્ટેલમાં રહેતાં અને અહિ એમબીબીએસનો અભ્યાસ કરવાની સાથે ઇન્ટર્ની તરીકે ફરજ બજાવતાં તબિબી છાત્ર ડો. રતનકુમાર મોહનલાલ મેઘવાલ કે જે ૨૫ વર્ષની વય ધરાવે છે અને મુળ ગામ મેઘવાલ વાસ, જેસલમેર રાજસ્થાનના વતની છે. અઠ્ઠાવીસમીની સવારે ૩:૩૫ કલાકે તેના હોસ્ટેલના રૂમમાં જોવા ન મળતાં સાથી તબિબી છાત્રો સહિતે શોધખોળ શરૂ કરી હતી. તેમનો ફોન પણ બંધ આવતો હોઇ બધા ચિંતામાં



મુકાઇ ગયા હતાં. સવારે મોડે સુધી શોધખોળ કરવા છતાં તેનો પત્તો ન મળતાં આ બારામાં પોલીસને જાણ કરવાનો નિર્ણય લેવાયો હતો. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે આ અંગે જાણ કરવામાં આવતાં ઈન્સપેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન ઓફિસર કે. ડી. ચુડાસમાએ ગૂમ નોંધ રજીસ્ટર કરી હતી. આ અંગેની નોંધ બોયઝ હોસ્ટેલના ડો. પ્રતિક સિહાગે કરાવી છે. ગૂમ થનારા તબિબી છાત્ર ડો. રતનકુમાર મેઘવાલની ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ જેવી છે અને શરીરે મધ્યમ બાંધાના તથા વાને ઘઉંવર્ણા છે. તે અપરિણીત છે અને રૂમ ખાતેથી એકલા જ ગયા છે. તે નીકળ્યા ત્યારે ગ્રીન ટીશર્ટ અને કાળુ પેન્ટ પહેરેલુ હતું. ગાંધીગ્રામ પોલીસે મોબાઇલ લોકેશનને આધારે શોધખોળ કરવા તપાસ આદરી છે. વધુ તપાસ હેડકોન્સ. પૃથ્વીરાજસિંહ ગોહિલ ચલાવી છે. તસ્વીરમાં દેખાતાં ડો. રતનકુમાર મેઘવાલ કોઇને જોવા મળે તો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે મો. ૬૩૫૯૬ ૨૭૩૮૧ ઉપર અથવા પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ કરવા જણાવાયું હતું.

# રૈયા રોડની બાંધકામ સાઈટ પર ચોરી

## ૧.૫૮ લાખના એલ્યુમિનિયમ પ્લેટો અને વાયરની ચોરી થતાં યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ શહેરના રૈયા રોડ પર આવેલી એક નિર્માણધીન બિલ્ડિંગની સાઈટને નિશાન બનાવી અજાણ્યા શખ્સો આશરે ૧,૫૮,૦૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે સાઈટ સુપરવાઈઝરે ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત જોઈએ તો ફરિયાદી ધર્મેશભાઈ મનહરભાઈ સોનાગરા, જેઓ 'રામદેવ કન્સ્ટ્રક્શન'માં છેલ્લા ચાર વર્ષથી સુપરવાઈઝર તરીકે ફરજ બજે છે, તેમણે જણાવ્યું કે સવારે જ્યારે તેઓ ફરજ પર જઈ રહ્યા હતા, ત્યારે તેમને સાઈટના મજૂર સોનુભાઈનો ફોન આવ્યો હતો. ફોન પર જાણવા મળ્યું હતું કે સાઈટ પર રાખેલ સામાનમાં ચોરી થઈ છે. સુપરવાઈઝરે સાઈટ પર પહોંચી સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું કે રાત્રિના સમયે અજાણ્યા શખ્સો સાઈટમાં ઘૂસયાનું ખુલ્યું હતું. ઘટનાસ્થળનું નિરીક્ષણ કરતા જણાય છે કે, તસ્કરોએ તાળું કોઈ લોખંડના હથિયાર વડે તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ તિજોરી તથા કબાટમાં રાખેલ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને તેમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી નાસી છૂટ્યા છે. આજુબાજુના સીસીટીવી ફૂટેજ તપાસતા રાત્રિના ચોર હિલચાલે કરતા જણાયા છે. તસ્કરો એલ્યુમિનિયમ પ્લેટો કુલ ૩૭ નંગ આશરે ૭૪૦ કિલો વજન જેની કિંમત ૧,૪૮,૦૦૦ અને ઇલેક્ટ્રિક વાયરઃ આશરે ૧૦,૦૦૦ની કિંમતના વાયરના બે બંડલ મળી કુલ ચોરીની ૧,૫૮,૦૦૦ની ચોરી કરી ગયા છે. ઘટના અંગે ધર્મેશભાઈએ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### રોજ ઉઠીને લેભાગુ કહેવાતા એજન્ટો લગાવી જાય છે ચૂનો

# વિદેશમાં નોકરી લેવા જતાં મામા-ભાણેજ સાથે ફ્રોડ

## ત્રણ એજન્ટોએ આંબા આંબલી દેખાડી પોણા છ લાખ લઈ લીધા અને વિઝાના નામે દીધા ઠાલા વચનો

રાજકોટઃ વિદેશમાં નોકરી મેળવીને ત્યાંથી મોટી કમાણી કરી બેપાંદડે થવાની લ્હાયમાં અનેક યુવાનો, અનેક લોકો છેતરાઇ રહ્યા છે. આ ઘટનાક્રમ અટકતો જ નથી. એક જ પ્રકારે લેભાગુ એજન્ટો ઠગાઇ કરી રહ્યા છે આમ છતાં લોકો જાગૃત થઇ રહ્યા નથી. વધુ એક આવી ઠગાઇ થઇ છે. જેમાં બલ્ગેરીયામાં નોકરીની લાલચ આપી મામા-ભાણેજને લાખોનો ચૂનો લગાવી દેવાયો છે. આ કિસ્સામાં ગઠીયાઓને પોણા છ લાખનો લાભ થયો છે.

વિગતો પર નજર કરીએ તો પોરબંદર પંથકમાં વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી માતબર રકમ પડાવી લઇ છેતરવાનો સિલસિલો યથાવત્ છે. આવો વધુ એક કિસ્સો નોંધાયો છે જેમાં બલ્ગેરીયામાં નોકરી આપવાની લાલચ આપી પોરબંદરના મામા-ભાણેજ સાથે ત્રણ શખ્સોએ પાંચ લોખ છોંતેર હજારની છેતરપીંડી કરતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ હાથી ધરી હતી.પોલીસ સુત્રોના કેહવા મુજબ પોરબંદરના છાયા પ્લોટમાં આવેલા ખડા વિસ્તારમાં વેલજી મહારાજની વાડી ખાતે રહેતા અને ડ્રાઇવીંગ કરીને ગુજરાન ચલાવતા છેતાલીસ વર્ષના રામદે કરશન ઓડેદરા તથા તેમનો ભાણેજ જયેશ અજય ભોગેસરાને વિદેશમાં નોકરી કરવાની ઇચ્છા હોવાથી એજન્ટ રાજેશ રામ પરમારનો સંપર્ક કર્યો હતો.

આ એજન્ટે એવી એવી વાતો કરી હતી કે મામા-ભાણેજ અંજાઇ ગયા હતાં. આ બંનેને બલ્ગેરીયાની એચ.વી.ડી. મીરામાર હોટલમાં ચાર પાંચ મહિનામાં નોકરી મળી જશે તેવું જણાવતાં મામા-ભાણેજ આ




ચક્રવ્યૂહમાં ફસાયા હતા. વીઝાની પ્રોસેસ માટે વિવિધ જુદી-જુદી ફી તથા પૈસા ચૂકવવાનું કહેતા કટકે-કટકે સાત લાખથી વધુ રકમ ચૂકવી દીધી જેમાં રામદેભાઇ પાસે પૈસાની સગવડ ન હોઇ નાણા વ્યાજે લઇ આ રકમ આપી હતી.

પરંતુ છ મહિનાનો સમય વીતી ગયા પછી પણ એજન્ટ દ્વારા ટિકિટ મોંઘી છે, બલ્ગેરીયામાં રહેવાની વ્યવસ્થા નથી તેવા બહાના બતાવવા લાગતા અંતે રામદેએ પોલીસ ફરિયાદનું કહેતા એજન્ટે દોઢ લાખ પરત કર્યા પરંતુ બીજા રૂપિયા ન આપતા પાંચ લાખ છોંતેર હજાર રૂપિયાની છેતરપિંડી થઇ હોવાનો રાજેશ રામ પરમાર, સુરતના મિલન ગજેરા અને ઉદય જયસુખ માલવીયા સામે ગુનો દાખલ થતાં પોલીસ બંનેને શોધી રહી છે. આ બંને પકડાયા બાદ તેણે બીજા લોકોને પણ આ રીતે છેતર્યા છે કે કેમ? તેની વિગતો બહાર આવશે.

રાજ્યમાં રોજ ઉઠીને આ પ્રકારે વર્ક પરમીટ વિઝાના નામે લોકોને લેભાગુ એજન્ટો લાખોમાં છેતરી રહ્યા છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી. ગમે તેવા એજન્ટો પર ભરોસો કરી આંધળુકીયા કરી વીઝા પ્રોસેસના નામે લાખો રૂપિયા લોકો આપી દેતાં હોય છે. અમુક તો ઉછીના, વ્યાજે લઇને કે પછી ઘર-દાગીના ગીરવે મુકીને રૂપિયા લઇ આવા એજન્ટોને આપી દેતાં હોય છે. પરંતુ બાદમાં છેતરાઇ ગયા પછી પસ્તાવનો પાર રહેતો નથી. આવી જ વધુ આ એક ઘટના લાલબત્તી સમાન ગણી શકાય તેવી છે.

કરૂણ ઘટનાઓનો યથાવત રહેલો સિલસિલોઃ વધુ પાંચ પરિવારોએ ગુમાવ્યા સ્વજનો

# કૂવો' અને 'કાર' બની ગયા બે યુવાન માટે 'કાળ'!

## કૂવો ખોદવાની મજૂરી વખતે અંદર પટકાતા યુવાનનું, કારની ઠોકરે ચડતાં ફેક્ટરી કર્મચારીનું મોતઃ અન્ય બે બનાવમાં દિલની દગાખોરીથી કેટરર્સ સંચાલકનું અને એક મહિલાનું મોતઃ એક બનાવમાં જમાઇના ઘરે બેભાન થતાં સસરાનું મૃત્યુઃ બેભાન હાલતમાં યુવાન, મહિલાએ જીવ ગુમાવ્યો

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. સાત ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા છે. બે ઘટનામાં કૂવો અને કાર બે યુવાન માટે કાળ બની ગયા હતાં. એક મજૂરનું કૂવામાં પડી જવાથી મોત થયું છે. તો બીજા બનાવમાં કારની ઠોકરે ચડી જતાં યુવાનનું મોત થયું છે. અન્ય બે બનાવમાં દિલની દગાખોરીથી કેટરર્સ સંચાલક પ્રૌઢ અને એક મહિલાના મોત થયા હતાં. પાંચમા બનાવમાં ધોરાજી તરફથી રાજકોટ જમાઇના ઘરે આવેલા પ્રૌઢનું બેભાન હાલતમાં મોત થયું હતું. અન્ય બે બનાવમાં બેભાન હાલતમાં મહિલા અને યુવાનની જિંદગી ખતમ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો પડધરીના નાના સગાડીયા ગામે કૂવો ગાળવાનું કામ કરતી વખતે મજૂર યુવાનનું કૂવામાં પડી જતાં ઇજા થવાથી મોત થયું હતું. નાના સગાડીયા ગામે જેન્તીભાઇની વાડીએ ચારેક દિવસથી કૂવો ગાળવાનું કામ કરવા મજૂરો આવ્યા હોઇ ગત ૨૪મીએ સવારે દસેક વાગ્યે રાજસ્થાનના મજૂર કૈલાસભાઇ ભુરાભાઇ ભીલ નામનો ચાલીસ વર્ષનો યુવાન કૂવાના ઉપરના ભાગે હતાં ત્યારે અકસ્માતે અંદર પડી જતાં ગંભીર ઇજા થતાં પડધરી સારવાર અપાવી બે અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે જાણ કરતાં પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં પડધરીના રામપર ગામના પાટીયા નજીક જામનગર હાઇવે પર એક યુવાન કારની ઠોકરે આવી જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. અમનકુમાર બિહારી નામના બત્રીસ વર્ષના યુવાનનું રાજકોટમાં સારવાર દરમિયાન મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. અમનકુમાર જે કારની ઠોકરે ચડ્યો તેના ચાલક ભાવીકભાઇએ જ તેને સારવાર માટે ખસેડ્યો હતો. આ યુવાન રામપરના પાટીયા નજીક ટી-શર્ટની ફેક્ટરીમાં કામ કરતો હતો. રસ્તો ઓળંગતી વખતે અકસ્માત નડ્યો હતો. પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઇએ તો રેલનગરમાં મારૂતિના સર્વિસ સ્ટેશન પાસે જડેશ્વર બંગ્લોઝમાં રહેતાં કેટરર્સ સંચાલક રહેતાં એકાવન વર્ષના રસિકભાઇ કેશુભાઇ વેકરીયા રાતે સાડા નવેક વાગે આર્યનગર પેડક રોડ પર શ્રીજી આઇસ્ક્રીમ નજીક રિક્ષામાં બેઠા હતાં ત્યારે એકાએક શ્વાસમાં તકલીફ થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. રસિકભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. તેઓ કેટરર્સ ચલાવતાં હતાં. ફંકશન બૂકીંગના કામ માટે ગયા હતાં. ત્યાંથી ઘરે આવવા રિક્ષામાં બેઠા ત્યારે જ આ બનાવ બન્યો હતો.

જ્યારે વાવડી વિશ્વકર્મા સોસાયટી-૧૪માં રહેતાં કમલાબેન શાંતિભાઇ સંડેરા નામના પંચાવન વર્ષના સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં એક પુત્રી છે. પતિ કારખાનામાં કામ કરે છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. ત્રીજા બનાવમાં ધોરાજીના ભાદાજાળીયા ગામના રસિકભાઇ સવદાસભાઇ પાઘડારનામના સતાવન વર્ષના પ્રૌઢ રાતે દસેક વાગ્યે રાજકોટ સર્વોદય સ્કૂલ પાસે આસમાન સીટી એપાર્ટમેન્ટમાં પોતાના જમાઇ ભાવેશભાઇના ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

તેઓ પાંચ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં અને ખેત મજુરી કરતાં હતાં. તેમને બ્લડ કેન્સર હોઇ સારવાર માટે અમદાવાદ જવાનું હોઇ જેથી તેઓ રાજકોટ આવ્યા હતાં. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન અને તાલુકા પોલીસમાં જાણ કરી હતી. આમ પાંચ બનાવોમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં.

અન્ય બે બનાવમાં કાલાવડ રોડ પર સાંઝા ચુલ્વા હોટેલ પાસે રહેતો અને ત્યાં સાફસફાઇનું કામ કરતો સંતોષ રામખેલાવન કુમાર નામનો ત્રેવીસ વર્ષનો મુળ યુપીનો યુવાન બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ મોત થયું હતું. તેને આંચકી આવ્યા બાદ બેભાન થઇ ગયો હતો. સંતાનમાં એક પુત્ર છે. તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. બીજા બનાવમાં સાધુ વાસવાણી રોડ પર જનક કોમ્પલેક્ષમાં રહેતાં ફાલ્ગુનીબેન તુષારભાઇ ભટ્ટ નામના ચુમાલીસ વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં મોત થયું હતું. યુનિવર્સિટી પોલીસની તપાસમાં હૃદયની તકલીફ હોવાનું ખુલ્યું હતું. મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

# છેલ્લા સાત મહિનામાં બીજી મોટી વિમાન દુર્ઘટના

નવીદિલ્હી, તા.૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું છે. છેલ્લા સાત મહિનામાં આ બીજી વખત છે જ્યારે કોઈ અગ્રણી નેતાનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું જૂન ૨૦૨૫ માં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. ભારતીય ઈતિહાસમાં સાત અગ્રણી નેતાઓ વિમાન અથવા હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે. આમાંથી ત્રણ (બળવંતરાય મહેતા, દોરજી ખાંડુ અને વાય. રાજશેખર રેડ્ડી) મુખ્યમંત્રી પદ સંભાળી ચૂક્યા છે.

કયા નેતાઓનું મૃત્યુ થયું છે?

- બળવંતરાય મહેતા

તેઓ ૧૯૬૩ થી ૧૯૬૫ સુધી ગુજરાતના મુખ્યમંત્રી હતા. ૧૯૬૫ ના યુદ્ધ દરમિયાન, મહેતા કચ્છના રણ ઉપર નિરીક્ષણ ફ્લાઇટ ઉડાવી રહ્યા હતા ત્યારે પાકિસ્તાને તેમનું વિમાન તોડી પાડ્યું હતું. મહેતા, તેમની પત્ની, તેમના ત્રણ કર્મચારીઓ, એક પત્રકાર અને બે ક્રૂ સભ્યોનું આ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. મહેતા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રથમ અગ્રણી રાજકારણી હતા.

- સંજય ગાંધી

૨૩ જૂન, ૧૯૮૦ ના રોજ, સંજય ગાંધી, જે તે સમયે કોંગ્રેસના સાંસદ હતા, દિલ્હીમાં ઉડાન ભરવા માટે નીકળ્યા હતા. સંજયને ઉડાનનો શોખ હતો. જ્યારે સંજય સવારે ૧૦ વાગ્યે ઉડાન ભરી રહ્યા હતા, ત્યારે તેમનું વિમાન સ્ટંટ કરતી વખતે ક્રેશ થયું. સંજયની સાથે તેમના સહ-મુસાફર સુભાષ સક્સેનાનું પણ આ અકસ્માતમાં મૃત્યુ થયું.

- માધવરાવ સિંધિયા

કોંગ્રેસના અગ્રણી નેતા માધવરાવ સિંધિયાનું પણ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ, સિંધિયા કાનપુરમાં એક રેલીમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. તેમનું વિમાન મૈનપુરીના મોટાગાંવ નજીક ક્રેશ થયું. આ અકસ્માતમાં સિંધિયાનું મૃત્યુ થયું. તે સમયે સિંધિયા



૫૬ વર્ષના હતા.

- જી.એમ.સી. બાલયોગી

ગન્તી મોહન ચંદ્ર બાલયોગીનું લોકસભાના અધ્યક્ષ પદ સંભાળતી વખતે અવસાન થયું. હકીકતમાં, બાલયોગીનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાન થયું. ૨૦૦૨માં, આંધ્રપ્રદેશમાં એક કાર્યક્રમમાં જતી વખતે તેમનું હેલિકોપ્ટર ક્રેશ થયું. બાલયોગીના સુરક્ષા અધિકારી, ડી. સત્ય રાજુ, અને પાયલોટ, કેપ્ટન જી.વી. મેનનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

- વાય. રાજશેખર રેડ્ડી

૨૦૦૯માં આંધ્રપ્રદેશમાં બીજી એક દુર્ઘટના બની હતી. આ વખતે મુખ્યમંત્રી વાય. રાજશેખર રેડ્ડી તેનો ભોગ બન્યા હતા. સપ્ટેમ્બર ૨૦૦૯માં, રેડ્ડી તેમના અધિકારીઓ સાથે આંધ્રપ્રદેશના નલ્લામાલા પ્રદેશમાંથી મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. ઘણા મીડિયા આઉટલેટ્સે દાવો કર્યો હતો કે નક્સલીઓએ તેમનું હેલિકોપ્ટર તોડી પાડ્યું હતું. જોકે, સરકારે તે સમયે આ દાવાને ફગાવી દીધો હતો.

- વિજય રૂપાણી

૧૨ જૂન, ૨૦૨૫ના રોજ, અમદાવાદથી ઉડાન ભર્યા પછી એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. વિજય રૂપાણી પણ તેમાં હતા. રૂપાણી ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હતા. તે સાંજે જ્યારે મૃતકોની યાદી જાહેર કરવામાં આવી ત્યારે તેમાં વિજય રૂપાણીનું નામ પણ સામેલ હતું. રૂપાણી તેમના પરિવારને મળવા લંડન જઈ રહ્યા હતા.

- દોરજી ખાંડુ

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી દોરજી ખાંડુનું પણ ૨૦૧૧માં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. તે સમયે ખાંડુ ૫૬ વર્ષના હતા. ખાંડુ તવાંગથી રાજધાની ઈટાનગર જઈ રહ્યા હતા, ત્યારે તેમનું વિમાન ગાયબ થઈ ગયું.

શો રૂમના સંચાલકોએ જેને ગ્રાહક સમજી માન-પાન આપ્યા એ મહિલાઓ તસ્કરણી નીકળી

# બે શો રૂમમાંથી મહિલાઓ ચોરી ગઇ સોના-ચાંદીના દાગીના

## યાજ્ઞિક રોડ પર મલબારશ્રુંાંથી પોણા પાંચ લાખનો ચેઇન ચોરાયોઃ સોની બજારમાંથી ચોરાયા ચાંદીના ચેઇન-બાલી એ-ડિવીઝન પોલીસે સોની બજારમાં ચોરી કરનાર મહિલમરીયમ લાલપરીયાને પકડી મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર શો રૂમ, દૂકાનો, મકાનોમાં ચોરીની ઘટનાઓ બનતી રહે છે. ઘણીવાર સોના ચાંદીના દાગીનાના શો રૂમો, દુકાનોમાં ગ્રાહક બનીને આવતી મહિલાઓ પણ ચોરી કરી જતી હતો છે. સામાન્ય રીતે કોઇપણ ગ્રાહક આવે તો વેપારીઓ તેને માન-પાન આપી દાગીના બતાવતા હોય છે. પરંતુ ઘણી મહિલાઓ દાગીના ખરીદવા નહિ પણ જોવાના બહાને વેપારી, કર્મચારીની નજર ચુકવી ચોરી જવા માટે જ આવતી હોય છે. આવી બે ઘટના બની છે. જેમાં યાજ્ઞિક રોડના જાણીતા શો રૂમમાં મહિલા ગ્રાહક નજર ચુકવી પોણા પાંચ લાખનો સોનાનો ચેઇન ચોરી ગઇ હતી. તો સોની બજારમાં એક મહિલા દૂકાનમાંથી ચાંદીના બે ચેઇન, બાલી ચોરી ગઇ હતી. બંને ઘટના એ-ડિવીઝન પોલીસમાં જાહેર થતાં એક ગુનો પોલીસે તત્કાળ ઉકેલી નાખી એક મુસ્લિમ મહિલાને પકડી લઇ તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના ડો. યાજ્ઞિક રોડ પર આવેલા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ શો રૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલા પોણા પાંચ લાખની કિંમતનો સોનાનો ચેઇન ચોરી ગઇ છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક જીએચ બિડીંગ પાસે પંડીત દિનદયાળ નગર ફ્લેટ એફ-૧૦૧ રંગોલી પાર્ક નજીક રહેતાં છેતાલીસ વર્ષના વિજયભાઇ સંતોષભાઇ બુલચંદાણીની ફરિયાદ પરથી અજાણી મહિલા વિરૂધ્ધ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરી કરી જનારી મહિલા સીસીટીવી કેમેરામાં દેખાઇ હોઇ તેના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. વિજયભાઇ બુલચંદાણીએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ડો. યાજ્ઞિક રોડ પર ડીએચ કોલેજની બાજુમાં આવેલા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ લીમીટેડ કંપનીના શો રૂમમાં દસ વર્ષથી મેનેજર તરીકે નોકરી કરુ છું. ગત ૨૩/૧ના હું નોકરી પર હતો ત્યારે સાંજે સાડા આઠેક વાગ્યે અમારા સ્ટાફના માણસો દ્વારા મલબાર ગોલ્ડમાં રાખેલા અલગ અલગ આભુષણની ગણતરી કરતી વખતે સોનાનો એક ચેઇન ૨૭.૫૯ ગ્રામનો ૨૨ કેરેટનો જેની કિંમત રૂા. ૪,૭૨,૦૦૦ થાય છે તે જોવા મળ્યો નહોતો.

આ પછી અમે શો રૂમના તમામ સ્ટાફની આ બાબતે પુછતાછ કરી હતી. પરંતુ સ્ટાફમાંથી કોઇને આ ચેઇન બાબતે જાણકારી નહોતી. બાદમાં અમે સીસીટીવી ફુટેજ ચેક કરતાં ૨૩મીના બપોરે બાદ સાંજે ૪:૫૦ કલાક આસપાસ અજાણી મહિલા જે ગ્રાહક તરીકે શો રૂમમાં આવી હતી તે ચેઇન ચોરીને લઇ જતી કેમેરામાં દેખાઇ હતી. અમે જે તે વખતે ફરિયાદ કરી નહોતી.



બાદમાં કંપનીના ઉપરી અધિકારીઓને જાણ કર્યા પછી ફરિયાદ નોંધાવવાનું કહેવાતાં હવે પોલીસને જાણ કરી હતી. આ અજાણી મહિલા ગુલાબી રંગના ડ્રેસમાં આવી હતી અને ચેઇન જોવાના બહાને અમારા સ્ટાફની નજર ચુકવી ડીસ્પ્લે ટ્રેમાંથી રૂા. ૪,૭૨,૦૦૦નો ચેઇન ચોરી ગઇ હતી. તેમ વધુમાં વિજયભાઇ બુલચંદાણીએ જણાવ્યું હતું.

આવી જ ચોરીનો વધુ એક બનાવ સોની બજાર નવા નાકા મેઇન રોડ પર બન્યો છે. જેમાં ૨૭મીએ તેની દુકાનમાંથી ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલા રૂા. ૩૦ હજારના ચાંદીના ચેઇન-બાલી ચોરી ગઇ છે. આ બનાવમાં પોલીસે પ્રહલાદ પ્લોટ-૩૨/૩૫ના ખુણે રહેતા પચ્ચીસ વર્ષના સ્મીતભાઇ નિલેષભાઇ કાત્રોડીયાની ફરિયાદ પરથી અજાણી મહિલા સામે ગુનો દાખલ થયો છે. સ્મીતભાઇ સોની બજાર નવા નાકા મેઇન રોડ પર શ્રીકુંજ જ્વેલર્સમાં પિતા, મોટાભાઇ સહિતની સાથે બેસી વેપાર કરે છે. સત્યાવીસમીએ સવારે તે અને મોટા ભાઇ કૌશિકભાઇ દુકાને હતાં ત્યારે એક આશરે ચાલીસ વર્ષની મહિલા અને અજાણ્યો આશરે ૧૮ વર્ષનો યુવાન દુકાનમાં આવ્યા હતાં અને ચાંદીનો ચેઇન, ચાંદીની કાનમાં પહેરવાની બાલી જોવા માંગતા કર્મચારીએ તેને દાગીના બતાવ્યા હતાં.

ત્યારબાદ મહિલાએ નવી વેરાયટી બતાવવાનું કહેતાં કર્મચારી પૃથ્વીરાજસિંહ નવા દાગીના લેવા નીચે નમ્યા ત્યારે ટેબલ પર ટ્રે રાખી હતી તેમાંથી મહિલાએ ચાંદીનો ચેઇન અને બાલી રૂા. ૩૦ હજારના ચોરી લીધા હતાં. બાદમાં દાગીના પસંદ નથી, પછી આવશું કહીને બંને નીકળી ગયા હતાં. આ પછી કર્મચારીએ ડિસ્પ્લેમાં દાગીના ગોઠવ્યા ત્યારે ચેઇન, બાલી ઓછા જણાતાં સીસીટીવી કેમેરા ચેક કરતાં મહિલા બે ચેઇન, બાલી ચોરીને પર્સમાં મુકતી દેખાઇ હતી. ઇન્સપેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ એએસઆઇ આર. જે. ચૌહાણ અને હેડકોન્સ. વાય. એમ. ગોહિલે ગુનો નોંધ્યો હતો. જેમાં સોની બજારમાં થયેલી ચોરીનો ભેદ ખુલ્યો છે. એક મુસ્લિમ મહિલાને પોલીસે સકંજામાં લઇ તપાસ આદરી છે.


દરમિયાન સોની બજારમાં ચોરી કરી જનાર મહિલા વિશે હેડકોન્સ. કનુભાઈ બસીયા, સાગરભાઈ માવદીયા અને પી.સી. ધર્મેશભાઈ ખાંડેખાને સંયુક્ત બાતમી મળી હતી કે પેલેસ રોડ પર પંચકુંવરબા હોસ્પિટલ પાસે એક શંકાસ્પદ મહિલા ઉભી છે. પોલીસે ત્યાં પહોંચી મહિલાની તલાશી લેતા તેની થેલીમાંથી ચાંદીના દાગીના મળી આવ્યા હતા. બિલ માંગતા તે આપી શકી નહોતી અને પૂછપરછમાં તેણે સોની બજારમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ઝડપાયેલી મહિલાનું નામ મરિયમબેન અલ્તાફભાઈ લાલપરીયા (ઉં.વ. ૪૦, રહે. ભાવનગર રોડ, થોરાળા પોલીસ સ્ટેશન સામેની શેરી, રાજકોટ) હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે તેની પાસેથી ચાંદીના ચેઇન, બાલી કબ્જે કર્યા હતાં. આ કામગીરીમાં પી.આઈ. બી.વી. બોરીસાગર, એ.એસ. આઈ. બી.વી. ગોહિલ, એમ.એસ. મકવાણા, હેડ કોન્સ. કનુભાઈ બસીયા, કલ્પેશભાઈ બોરીચા, મહેશભાઈ ચાવડા, સાગરભાઈ માવદીયા, ધારભાઈ વાનરીયા, કરણભાઈ વિરસોડીયા તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજશભાઈ ડેર જોડાયા હતા.

# સુરતના લક્ષ્મી ડાયમંડના મહાકાલ ગ્રુપ પર ITના દરોડા

## ધીરૂભાઈ ગજેરા,અનિલભાઈ બગદાણા , પ્રવીણભાઈ ભૂત તથા તરૂણ ભગત સહિતના ભાગીદારો પર વહેલી સવારથી તવાઈ

**રાજકોટ આર્ય ક્લબનું પણ ખુલ્યું કનેક્શન : જામનગર તથા સુરતની ટીમે હાથ ધરી તપાસ : મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવવાની સંભાવના, પ્રથમ દિવસે જ વિભાગને હાથ લાગ્યા અનેક દસ્તાવેજી પુરાવાઓ**





રાજકોટ, તા. ૨૮

માર્ચ એન્ડિંગ નજીક હોવાના પગલે હાલ દરેક સેન્ટ્રલ એજન્સી દ્વારા ટાર્ગેટને પરિપૂર્ણ કરવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે જે વિગતો મળી રહી છે તેને અનુલક્ષીને એવા સ્પષ્ટ છે કે અત્યારે આવકવેરા વિભાગ દ્વારા સુરત અમદાવાદ જેવા મુખ્ય શહેરોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે કારણ કે ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવવાની શક્યતાઓ પણ સેવાઈ રહી છે. ત્યારે ગઈકાલ સવારથી જ સુરત ખાતે ૩૦થી વધુ સ્થાન પર દરોડા પાડવામાં આવ્યા હતા અને તેનું કનેક્શન રાજકોટમાં પણ ખુલ્યું હતું આર્ય ક્લબ રિસોર્ટમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. હાલ છે તપાસ નો ધમધમા ચાલી રહ્યો છે તે ડાયમંડના વેપારીઓની સાથોસાથ હરિયાલ એસ્ટેટ અને જમીન લે વેચ કરતા વેપારીઓ હોવાનું જણાઈ રહ્યું છે. પ્રાથમિક તબક્કે ૧૫૦ થી વધુ અધિકારીઓ આ તપાસમાં જોડાયા છે ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવે તેવી સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે .

સુરતમાં વહેલી સવારથી આવકવેરા વિભાગે ફરી એકવાર મોટી કાર્યવાહી હાથ ધરી છે. શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ અને હીરા જગતના જાણીતા લક્ષ્મી ડાયમંડ તેમજ મહાકાલ ગ્રુપ પર ઇન્કમટેક્સની DDI વિંગે દરોડા પાડતા સમગ્ર હીરા ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. આઇટી વિભાગે માત્ર સુરત જ નહીં, પણ અમદાવાદ, રાજકોટ અને વડોદરાની ટીમો પણ આ ઓપરેશનમાં સામેલ કરી હતી. અંદાજે ૧૫૦થી વધુ અધિકારીઓના કાફલાએ વહેલી સવારથી જ ઉદ્યોગપતિઓના ઘર, ઓફિસ અને પ્રોજેક્ટ સ્થળો પર તપાસ શરૂ કરી છે. આ દરોડા વસંત ગજેરા અને ધીરુ ગજેરા સાથે સંકળાયેલા લક્ષ્મી ગ્રુપના ડાયમંડ, રિયલ એસ્ટેટ અને સ્કૂલ સહિતના એકમો પર કેન્દ્રિત છે. સૂત્રોએ જણાવ્યું કે, DDI વિંગ પાસે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કાચા-પાકા બિલ અને નાણાકીય ગેરરીતિ અંગેની ચોક્કસ માહિતી પહેલેથી જ હતી.

પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાના બેનામી વ્યવહારો અને ટેક્સ ચોરી બહાર આવવાની પ્રબળ સંભાવના છે. સૂત્રોના મતે, રિયલ એસ્ટેટ અને હીરા ઉદ્યોગમાં થતા મોટા નાણાકીય વ્યવહારો પર ઇન્કમટેક્સ વિભાગની લાંબા સમયથી નજર હતી. પૂરતા પુરાવા એકત્રિત થયા બાદ જ આ મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

સુરતના જાણીતા ઉદ્યોગપતિઓને ત્યાં પડેલી રેડના કારણે અન્ય મોટા બિઝનેસ ગ્રુપોમાં ફફડાટ ફેલાયો છે. હાલમાં ઇન્કમટેક્સની ટીમ તમામ સ્થળોએ ડેટા, ડાયરીઓ અને બેંક ખાતાઓની વિગતો ચકાસી રહી છે. આ તપાસના અંતે મોટા પ્રમાણમાં બિનહિસાબી રોકડ અને દસ્તાવેજો મળી આવવાની પૂરી સંભાવના છે. મહાકાલ ગ્રુપ પર પણ આઈટીની રેડ IT ફિશમ પડી છે. રિયલ એસ્ટેટ અને અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલા અનિલ બગદાણા તથા તેમના ભાગીદારો તરુણ ભગત અને પ્રવિણ ભૂતને ત્યાં પણ અધિકારીઓનો કાફલો ત્રાટક્યો છે.

આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ ઓપરેશનમાં લક્ષ્મી ગ્રુપ સાથે સંકળાયેલી અનેક જગ્યાઓ પર એકસાથે કાર્યવાહી કરવામાં આવી હતી. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં થયેલા મોટા નાણાકીય વ્યવહારો, અઘોષિત આવક અને શંકાસ્પદ લેવડદેવડ અંગે તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. અધિકારીઓ દ્વારા ખાતાવહી, ડિજિટલ ડેટા તેમજ મિલકત સંબંધિત દસ્તાવેજો જપ્ત કરી તેમની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ વધુ ખુલાસા થવાની શક્યતા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

આ દરોડામાં ઉદ્યોગપતિઓના વિવિધ પ્રોજેક્ટ્સ, ઓફિસો અને અંગત રહેણાંક મકાનો સહિત અનેક સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. વહેલી સવારથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં મોટા પાયે વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ ડેટા અને કરોડોના બેનામી વ્યવહારો મળી આવવાની શક્યતા છે. આ મેગા સર્ચ ઓપરેશનને પગલે સુરતના રિયલ એસ્ટેટ અને ડાયમંડ માર્કેટમાં ચર્ચાઓનું બજાર ગરમ થયું છે. મોડી સાંજ સુધીમાં આ દરોડામાં કેટલું બેનામી નાણું પકડાય છે, તેના પર સૌની નજર ટકેલી છે.

આ ઓપરેશન માટે છેલ્લા ઘણા દિવસોથી ગુપ્ત રીતે તૈયારીઓ ચાલી રહી હતી અને વહેલી સવારે જ ટીમો નિર્ધારિત સ્થળો પર પહોંચી ગઈ હતી. તપાસનું મુખ્ય કેન્દ્રબિંદુ લક્ષ્મી ગ્રુપના રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા તમામ વ્યવહારો છે. આવકવેરા વિભાગની ડીડીઆઈ (DDI) વિંગ પાસે આ ગ્રુપના રિયલ એસ્ટેટ સોદાઓ અંગે અગાઉથી જ ચોક્કસ બાતમી અને માહિતી ઉપલબ્ધ હતી, જેના આધારે હાલમાં દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે. ગજેરા પરિવારના મુખ્ય ભાગીદારો વસંત ગજેરા, ચિનુ ગજેરા અને ધીરુ ગજેરા સહિત પરિવારના તમામ સભ્યોની પૂછપરછ અને તેમના આર્થિક વ્યવહારોની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત આઇટી વિભાગ દ્વારા લેટેસ્ટ 'હવાલા નેટવર્ક'ના જોડાણો અંગે પણ તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે.

# મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને કમિશનરને મુખ્યમંત્રીનું તેડું

રાજકોટ

રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર અને કમિશનર તુષાર સુમેરાને મુખ્યમંત્રીનું તેડું આવ્યું છે. અને આવતીકાલે ગાંધીનગર હાજર રહેવા જણાવાયું છે.

ગાંધીનગરથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા અચાનક તેડું આવતા રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. આ બેઠક અંગે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, માત્ર રાજકોટ જ નહીં પરંતુ ગુજરાતની તમામ ૮ મહાનગરપાલિકાઓના મેયર, મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને મુખ્યમંત્રીએ બોલાવ્યા છે. કાલે બપોરે ૧૨ વાગ્યે યોજાનાર ઉચ્ચસ્તરીય બેઠકમાં વિવિધ શહેરોના વિકાસકાર્યો ઉપરાંત લાંબા સમયથી







## વિકાસ કાર્યો અને પડતર પ્રશ્નો અંગે ચર્ચા થશે

પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, હાલ ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે મુખ્યમંત્રી દ્વારા તમામ મહાનગરોના પદાધિકારીઓ સાથેની આ બેઠક ઘણી મહત્વની માનવામાં આવી રહી છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં કરોડોનાં ખર્ચે ચાલતા પ્રોજેક્ટ્સની ગતિ અને વહીવટી અવરોધો દૂર કરવા માટે આ બેઠકનું આયોજન કરાયું હોવાની શક્યતા છે. બેઠકમાં લેવાનારા નિર્ણયોથી આગામી સમયમાં તમામ મહાપાલિકાઓના પડતર પ્રશ્નોનો ઉકેલ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બજેટથી MSMEને લાભ મળે તેવી આશા

## રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશને વ્યક્ત કર્યો ભરોસો : ઇન્કમટેક્સદરમાં સરળીકરણ કરવા અનુરોધ

રાજકોટ, તા. ૨૮

કેન્દ્રીય બજેટને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે નવા વર્ષનું બજેટ કેવું હશે ઉદ્યોગ માટે કેવું હશે તેને લઈ અત્યારથી જ અનેકવિધ અટકળો શરૂ થઈ ચૂકી છે વિવિધ એસોસિએશન દ્વારા પણ હાલ નાણામંત્રીને રજૂઆત કરવામાં આવી રહી છે અને ઘણા ખરાબ બદલાવો ની અપેક્ષા પણ રાખવામાં આવે છે ત્યારે રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન દ્વારા પણ નવા બજેટમાં એમએસએમઈ ઉદ્યોગને વેગ મળશે તેઓ જાણવા મળ્યું છે. એસોસિએશન દ્વારા નાણામંત્રી દ્વારા જે રીતે ઇન્કમટેક્સના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો તેવી જ રીતે હવે એક અલગ સૂચન પણ કરવામાં આવ્યું છે જેમાં ૧૨ લાખથી ૧૫ લાખ સુધીની આવક પર જે પાંચ ટકા અને ૧૫ લાખથી ૧૮ લાખ સુધીની આંખ પર જે ૧૦% સ્લેબ રાખવા માટેની માંગ કરવામાં આવી છે જેથી મધ્યમ વર્ગ તેમજ ઉદ્યોગકારોને રાહત મળી રહેશે તેવું પણ એન્જિનિયરિંગ એસોસિએશનના હોદ્દેદારોએ જણાવ્યું હતું પરંતુ વાસ્તવિકતા એ છે કે સરકાર ખાસ આ બાબતે શું વિચાર કરી રહી છે તે તો આવનારા સમયમાં જ જાણવા મળશે.

ડિવિડન્ડ પર લાગતા ડબલ ટેક્સેશનને નાબૂદ કરવાની ભારપૂર્વક ભલામણ કરી છે. હાલમાં કંપનીઓ દ્વારા વહેંચવામાં આવતા ડિવિડન્ડ પર ફરીથી કર વસૂલવામાં આવે છે, જેના કારણે કંપનીઓ પર વધારાનો આર્થિક બોજ આવે છે. ડિવિડન્ડ ટેક્સ દૂર કરવામાં આવે તો રોકાણકારોનો વિશ્વાસ વધશે તેમજ કોર્પોરેટ ક્ષેત્રમાં મૂડીરોકાણને પ્રોત્સાહન મળશે.

કૃષિ ક્ષેત્રને લગતી માંગણીઓમાં સબમર્સિબલ પંપ પર લાગતો GSTદર ઘટાડવાની રજૂઆત કરવામાં આવી છે. સબમર્સિબલ પંપનો વ્યાપક ઉપયોગ ખેતીમાં થાય છે અને ખેડૂતોને રાહત આપવા માટે આ પંપ પરનો GST ૧૮ ટકા પરથી ઘટાડીને ૫ ટકા કરવા માંગ કરવામાં આવી છે. નોંધનીય છે કે વડાપ્રધાન દ્વારા પણ તેમના ભાષણમાં સબમર્સિબલ પંપ પરનો કર ૦ થી ૫ ટકા કરવાની વાત કરવામાં આવી હતી, જેને અમલમાં મૂકવાની માંગ ઉઠાવવામાં આવી છે.

રાજકોટ દેશનું મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ હબ છે અને MSMEના વિકાસ માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૩માં રાજકોટ નજીક ૨૦૦ એકર જમીન ટેકનોલોજી સેન્ટર માટે ફાળવી હતી. તેમ છતાં, હજુ સુધી આ પ્રોજેક્ટમાં કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નથી. આ કેન્દ્ર શરૂ થવાથી ઉદ્યોગોને આધુનિક ટેકનોલોજી, તાલીમ અને સંશોધન સુવિધાઓ મળશે, તેથી તેના વિકાસ માટે તાત્કાલિક પગલાં લેવા એસોસિએશને સરકારને અનુરોધ કર્યો છે.

MSMEને નાણાકીય રીતે મજબૂત બનાવવા માટે અગાઉ અમલમાં રહેલી ક્રેડિટ લિંક્ડ કેપિટલ સબસિડી (CLCS) યોજના ફરી શરૂ કરવાની પણ માંગ કરવામાં આવી છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ છેલ્લા બે વર્ષથી સ્થાનિક ફ્લાઇટ્સ માટે કાર્યરત છે, પરંતુ હજુ સુધી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૂ થઈ નથી. આ વિલંબને કારણે પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસ તથા આંતરરાષ્ટ્રીય વેપારને નુકસાન થઈ રહ્યું છે. રાજકોટથી આંતરરાષ્ટ્રીય સેવાઓ વહેલી તકે શરૂ કરવામાં આવે તો ઉદ્યોગકારો અને વેપારીઓને મોટો લાભ મળશે.

# રાજકોટમાં આંતરરાષ્ટ્રિય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું નિર્માણ

## ઓલમ્પિક્સ અને કોમનવેલ્થ ગેમ્સની રમતો યોજી શકાશેઃ ૨૧ અનુભવી ખેલાડીઓ તથા પ્રતિભાઓ સાથે વિસ્તૃત ચર્ચા બાદ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની આંતરરાષ્ટ્રીય કક્ષાની ડિઝાઇન તૈયાર કરાઈ : સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના કામની સમીક્ષા કરતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા



રાજકોટ, તા.૨૮

ગુજરાત સરકારના શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શહેરના સર્વાંગી અને સુસંગત વિકાસને ધ્યાનમાં રાખી રમતગમત, જાહેર સુરક્ષા તથા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસાત્મક યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે. આ વિકાસકાર્યોના ભાગરૂપે વોર્ડ નં.૧૭ ખાતે નિર્માણ પામી રહેલ અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ તથા તેની બાજુમાં નિર્માણાધીન ફાયર સ્ટેશનની મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સ્થળ મુલાકાત લીધી હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી.મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે વોર્ડ નં.૧૭ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનો આત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ નિર્માણ પામી રહ્યું છે. ઓલમ્પિક્સ તથા કોમનવેલ્થ ગેમ્સમાં ભારત વધુ મેડલ્સ જીતે છે તેવી રમતોને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની ડિઝાઇન અને સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે.

### નવ નિર્માણાધિન ફાયર સ્ટેશનની પણ સમીક્ષા

કમિશનર તુષાર સુમેરાએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની બાજુમાં નિર્માણ પામી રહેલ ફાયર સ્ટેશનની કામગીરીની પણ સ્થળ પર જઈ સમીક્ષા કરી હતી. ફાયર સ્ટેશનની ભાવિ માળખાકીય સુવિધાઓ, અગ્નિશામક સાધન સામગ્રી, વાહન વ્યવસ્થા અને ઈમરજન્સી પ્રતિસાદ ક્ષમતાને લગતા મુદ્દાઓ અંગે તેમણે વિગતવાર માહિતી મેળવી હતી. ફાયર સ્ટેશન કાર્યરત થતાં વોર્ડ નં. ૧૭ તથા આસપાસના વિસ્તારોમાં અગ્નિશામક અને ઈમરજન્સી સેવાઓ વધુ મજબૂત બનશે અને નાગરિકોની સુરક્ષા વધુ સુદ્રઢ થશે.

### શહેરના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન

મહાનગરપાલિકા દ્વારા રમતગમત, જાહેર સુરક્ષા, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા નાગરિક સુવિધાઓના ક્ષેત્રે સતત અને આયોજનબદ્ધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વોર્ડ નં. ૧૭ ખાતે નિર્માણાધીન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને ફાયર સ્ટેશન જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટો શહેરના વિકાસમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે અને નાગરિકોને વધુ સુવિધાસભર, સુરક્ષિત અને ગુણવત્તાસભર શહેરી જીવન પ્રદાન કરવામાં સહાયક બનશે.

રમતગમત ક્ષેત્રે જોડાયેલા ૨૧ અનુભવી ખેલાડીઓ તથા પ્રતિભાઓ સાથે વિસ્તૃત ચર્ચા બાદ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની આંતરરાષ્ટ્રીય કક્ષાની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. ખાસ કરીને ઓલમ્પિક્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારત વધુ મેડલ્સ જીતે છે તેવી રમતો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ કોમ્પ્લેક્ષ પૂર્ણ થયા બાદ રાજકોટ સહીત સૌરાષ્ટ્રના ખેલાડીઓને ઉચ્ચ કક્ષાની તાલીમ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પર્ધાત્મક વાતાવરણ ઉપલબ્ધ થશે, જેના પરિણામે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે નવી રમતગમત પ્રતિભાઓ વિકસાવવા માટે સકારાત્મક માહોલ સર્જાશે. આ ઉપરાંત શહેરના વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૧૮ સહિત આસપાસના વિસ્તારમાં વસતા અંદાજે ૩.૫ થી ૪ લાખ નાગરિકોને રમતગમતની સુવિધાનો સીધો લાભ મળશે તેવું મનાય છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ દ્વારા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં રમતગમત સંસ્કૃતિને વેગ મળશે તેમજ યુવાનોને આરોગ્યપ્રદ અને સક્રિય જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહન મળશે તેવું મનપાનું માનવું છે.



સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમા મિનિ ફૂટબોલ, હેન્ડબોલ અને નેટબોલ માટે ૩૨૦૧ ચો.મી. વિસ્તારનું કોર્ટ, ગ્રાઉન્ડ ફ્લોર પર ૪૦૫૧ સ્ક્વેર મીટર વિસ્તારમાં કબડ્ડી, ટેબલ ટેનિસ અને બેડમિન્ટન માટે ઓલમ્પિક કક્ષાના કોર્ટ આંતર રાષ્ટ્રીય ધોરણ મુજબ ૬ બેડમિન્ટન કોર્ટ અને ૬ ટેબલ ટેનિસ કોર્ટ, સૌરાષ્ટ્રનો પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્તરનો સ્કેટિંગ ટ્રેક, ખેલાડીઓ માટે ખાસ જિમ, ફિઝિયોથેરપી ફેસિલિટી, ગાર્ડન અને યોગા કેન્દ્ર, ચેન્જિંગ રૂમ, વોર્મ-અપ જિમ અને લોકર સુવિધાઓ - ડિજિટલ એક્સેસ ટેકનોલોજીનો ઉપયોગ, પ્રથમ માળ પર સૌરાષ્ટ્રમાં પ્રથમવાર કોમ્બેટ સ્પોર્ટ્સ માટે વિશેષ એરેના બોક્સિંગ, જુડો, ટેકવાન્ડો, રેસ્લિંગ સહિતની રમતો માટે ૪૦૫૧ સ્ક્વે. મી. વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની રિંગ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સમીક્ષા મુલાકાત દરમિયાન મ્યુનિસિપલ કમિશનર સાથે સંબંધિત વિભાગોના અધિકારીઓ, ઈજનેરો તેમજ પ્રોજેક્ટ અમલવારી કરતી એજન્સીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે એજન્સીના પ્રતિનિધિ પાસેથી બાંધકામની હાલની સ્થિતિ, તબક્કાવાર કામગીરી, ટેકનિકલ પાસાં, બાંધકામ સામગ્રી, ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયા તથા આગામી કાર્યયોજનાની વિસ્તૃત માહિતી મેળવી હતી. હાલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોરમા ૪૦૫૧ સ્ક્વેર. મીટર, પ્રથમ ફ્લોર - ૪૦૫૧ સ્ક્વેર. મીટર એમ કુલ ૮૧૦૨ સ્ક્વેર મીટર બાંધકામ પૂર્ણ થયું છે. તથા સમગ્ર પ્રોજેક્ટની અંદાજે ૩૫ ટકા પ્રગતિ નોંધાઈ છે.

કમિશનરે ગુણવત્તા બાબતે કોઈપણ પ્રકારની બાંધછોડ ન થાય તે હેતુસર સ્ટ્રક્ચરલ મજબૂતી, કોંક્રીટ તથા અન્ય બાંધકામ સામગ્રીની ગુણવત્તા, સુરક્ષા વ્યવસ્થાઓ અંગે રૂબરૂ નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ અને એજન્સીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.